CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883





# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 06, Dt. 06-05-2026 (WEDNESDAY) Rs. 02/- Page : 26, RNI No. GUJGUJ/2023/84789


## ભાજપની નો-રિપિટ થિયરીથી રાજકીય ભૂકંપ !

# ભાજપનો ગેમપ્લાન; ‘ક્લીન ઈમેજ’ વાળાઓને મળશે ‘પદ’ની તક ?

### ■ મહાપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા, તાલુકા પંચાયતના હોદ્દાઓમાં જૂના OUT નવા INની ફોર્મ્યૂલા?


### ■ જે નેતાઓએ ગત પાંચ વર્ષમાં ‘હોદ્દા’ ભોગવ્યા તેઓને ફરીથી હોદ્દા નહીં આપવામાં આવે ?

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત રાજ્યમાં રાજકીય હલચલ તેજ છે. ભાજપ દ્વારા ગાંધીનગર ખાતે પાર્લામેન્ટરી બોર્ડની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હોવાનું જાણવા મળે છે. આવનારા દિવસોમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ મહાનગર પાલિકાઓમાં પદાધિકારીઓની પસંદગી થવાની હોવાથી રાજકીય ગતિવિધિઓમાં ગરમાવો આવ્યો છે.

માહિતી મુજબ, આ વખતે પાર્ટી દ્વારા “નો-રિપિટ થિયરી” અપનાવવાની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. એટલે કે, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન જેમણે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ડેપ્યુટી મેયર અથવા અન્ય મહત્વના હોદ્દા સંભાળ્યા હતા, તેમને ફરીથી એ જ પ્રકારના હોદ્દા આપવામાં નહીં આવે તેવી ભલામણ તૈયાર કરવામાં આવી હોવાનું સૂત્રો જણાવે છે.

આ ઉપરાંત, જમીન-મકાનના વ્યવસાય સાથે સંકળાયેલા અને બિલ્ડર લોબી દ્વારા લોબિંગ



### બે પેનલો તૈયાર કરવાની રહેશે

### જમીન-મકાનના વ્યવસાય સાથે સંકળાયેલા અને બિલ્ડર લોબી થકી લોબિંગ કરતા નેતાઓને પદોથી દૂર રાખવાની શક્યતા : સૂત્રો

કરતા કેટલાક નેતાઓને પણ આ વખતે પદોથી દૂર રાખવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. પાર્ટી અંદર “ક્લીન ઈમેજ” અને વિવાદમુક્ત ચહેરાઓને પ્રાથમિકતા આપવાની લાઇન દોરાઈ રહી હોવાનું ચર્ચામાં છે. આ નિર્ણયોના સંકેતો સામે આવતા જ રાજકોટ સહિત રાજ્યના અનેક શહેરોમાં રાજકીય વર્તુળોમાં ચકચાર મચી ગઈ છે. રાજકોટમાં ખાસ કરીને હાલના પદાધિકારીઓમાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે, જ્યારે નવા ચહેરાઓ માટે તક ઊભી થવાની શક્યતા વધી રહી છે.

રાજકીય નિરીક્ષકોના મતે, આ વખતે પાર્ટી સંગઠન સાથે લાંબા સમયથી જોડાયેલા પરંતુ પદથી વંચિત કાર્યકર્તાઓ, યુવા નેતાઓ અને સામાજિક રીતે સ્વીકાર્ય ચહેરાઓને આગળ લાવી શકે છે. હાલમાં અંતિમ નિર્ણય બાકી છે, પરંતુ એક વાત સ્પષ્ટ છે કે આ વખતે ગુજરાતની સ્થાનિક રાજનીતિમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે.

## ગાદી માટે ધમાસાણ; પોસ્ટર વોર રાજકારણમાં આગ લગાડી

# ગોંડલમાં 2027 પહેલા જ જંગ શરૂ; ત્રણ દાવેદાર એક ગાદી

- ગોંડલમાં રાજકીય યુધ્ધના ઢોલ વાગ્યા સોશિયલ મીડિયામાં તોફાન
- હજુ ચૂંટણી દૂર પણ ગોંડલમાં સત્તા માટે લોહિયાળ લડાઈના એંધાણ




જયરાજસિંહના તાજેતરના નિવેદનો અને સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજી બાદ અચાનક જ નિખિલ દોંગાના નામ વાળા પોસ્ટરો વાયરલ થયા છે. "ગોંડલમાં એક જ ચાલે, નિખિલ દોંગા જ ચાલે" અને "યુદ્ધ એજ કલ્યાણ ગ્રુપ" ના સમર્થનમાં થતી પોસ્ટ્સે રાજકીય પંડિતોને પણ વિચારતા કરી દીધા છે. જયરાજસિંહ જાડેજાના તાજેતરના નિવેદન અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીની પ્રતિક્રિયા રૂપે નિખિલ દોંગાના સમર્થકોએ ડિજિટલ પ્લેટફોર્મ પર આક્રમક અભિયાન છેડ્યું છે. વાયરલ થયેલા પોસ્ટરોમાં ગર્જના કરવામાં આવી છે કે "ગોંડલમાં એક જ ચાલે, નિખિલ દોંગા જ ચાલે" "ગોંડલને જરૂર છે નિખિલ દોંગાની, ગોંડલને જરૂર છે 'યુદ્ધ એ જ કલ્યાણ' ગ્રુપની" આ પોસ્ટરોએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ૨૦૨૭ની રણભૂમિમાં મોટા ધમાસાનના એંધાણ અત્યારથી જ વર્તાઈ રહ્યા છે.




## નિખિલ દોંગા નવી એન્ટ્રીથી ખળભળાટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કહેવાય છે કે ગોંડલની ગાદી પર બેસવું એ કોઈ ખાવાના ખેલ નથી, પણ અત્યારે જે દ્રશ્યો સોશિયલ મીડિયા પર જોવા મળી રહ્યા છે તે જોતા લાગે છે કે ૨૦૨૭નો જંગ અત્યારથી જ જામી ગયો છે. હજુ તો ચૂંટણીને વાર છે, પણ ગોંડલના રાજકીય આકાશમાં અત્યારથી જ વીજળીઓ કડાકા લઈ રહી છે. "હજુ તો આ તોફાનની શરૂઆત છે સાહેબ, અસલી ખેલ તો હજુ બાકી છે," "મેદાનમાં ઉતર્યા છે મહારથીઓ અનેક, હવે જોવાનું એ છે કે કોણ કોના પર ભારે છે!" ગોંડલના રાજકારણમાં અત્યારે ત્રિપાંખિયો જંગ સોશિયલ મીડિયા પર જોવા મળી રહ્યો છે. એકતરફ અનુભવી નેતા જયરાજસિંહ જાડેજા છે, તો બીજી તરફ યુવા લોહી ગણેશ જાડેજા અને ત્રીજી તરફ નિખિલ દોંગાના સમર્થકોએ મોરચો સંભાળ્યો છે.જયરાજસિંહ જાડેજાના સમર્થકોએ સોશિયલ મીડિયા પર જોરશોરથી પ્રચાર શરૂ કર્યો છે. "કહો દિલ સે, ૨૦૨૭માં જયરાજસિંહ ફિર સે" ના નારા સાથે પોસ્ટરો વહેતા થયા છે. વર્ષોથી ગોંડલ પર વર્ચસ્વ ધરાવતા આ જૂથનો દાવો છે કે વિકાસ અને શાસન માટે જયરાજસિંહનો કોઈ પર્યાય નથી. બીજી તરફ, યુવા નેતા ગણેશ જાડેજાના સમર્થકો પણ પાછળ નથી. "અઢારે વરણને સાથે લઈને ચાલનારો ગોંડલનો સાવજ" અને "વિકાસનો વિશ્વાસ, જનતાનો માણસ ગણેશ ગોંડલ" જેવા સ્લોગન સાથેના પોસ્ટરોએ સોશિયલ મીડિયા ગજવ્યું છે. યુવા પેઢીમાં તેમનું આકર્ષણ વધારવાનો આ પ્રયાસ સ્પષ્ટ દેખાય છે.

## ગોંડલમાં ચૂંટણી પતી ગયા પછી પણ ક્યારેય શાંતિ જોવા મળતી નથીઃ અહીંની રાજનીતિમાં વર્ચસ્વની લડાઈ કાયમી છે

## પૂરાવા હોવા છતાં પોલીસ નિષ્ક્રિય?

# હિટ એન્ડ રન બાદ પણ આરોપી ફરારઃ રઘુવંશી સમાજ રસ્તા પર ઉતર્યો



તસવીરઃ અક્ષય ગોંડલિયા

## કે.ડી.રઘુવંશીના અકસ્માતમાં શંકાઃ પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ગત એપ્રિલ માસમાં રઘુવંશી સમાજનાં અગ્રણીને રીક્ષા હડફેટે ઈજા પહોંચાડી રીક્ષા લઈ નાસી જનાર અજાણ્યા રીક્ષા ચાલક સામે ફરિયાદ નોંધાવવા છતાં પોલીસે હજુ સુધી ધરપકડ નહીં કરતા આજરોજ રઘુવંશી યુવા શક્તિ સંઘના આગેવાનોએ બેનર સાથે રેલી કાઢી પોલીસ કમિશ્નરને આવેદનપત્ર આપ્યું હતું સાથે રીક્ષા ચાલક સામે ત્વરીત કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે ગત તા.૧૮ એપ્રિલનો રોજ રઘુવંશી સ્વાભિમાન સંમેલનના આયોજન સમયે સાંજે ૪ કલાકે રામાપીર ચોકડી પાસે સંગઠનના સ્થાપક અને ગુજરાત પ્રમુખ કે.ડી. રઘુવંશી (ધવલભાઈ કાછેલા)ને એક અજાણ્યા રીક્ષા ચાલકે પાછળ પુરઝડપે આવી હડફેટે લઈ ફ્રેક્ચર ઈજા પહોંચાડી નાસી જતા આ અંગેની પોલીસમાં ફરિયાદ (એફઆઈઆર) નોંધાવવા છતાં હજુ સુધી પોલીસે આરોપીની ધરપકડ કરી નથી.

વધુમાં જણાવ્યા પ્રમાણે આ ઘટનાના સીસીટીવી ફુટેજ અને અનેક લોકો ઘટના સ્થળે હાજર સાક્ષીઓ તમામ પુરાવા હોવા છતાં આ હીટ એન્ડ રનની ઘટનામાં હજુ સુચી રીક્ષા ચાલક આરોપીની ધરપકડ કેમ નહી? આ અકસ્માત અતિ જીવલેણ હોવા છતાં આરોપી વિરુધ્ધ બીએનએસની કલમ ૬૬(૨) ૧૦૯, ૧૧૭ (૨) કલમનો ઉમેરો કરવામાં આવે સાથે તાત્કાલીક કાર્યવાહી કરવા માંગણી છે. યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ના છુટકે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.






## રાજકોટમાં યોજનાઓનો ઢગલો, અમલમાં શૂન્ય



# રાજકોટ મહાનગરપાલિકા 'સપના' દેખાડવામાં નંબર-1 કામમાં ઝીરો

## ■ વચનોના મહેલ, હકીકતમાં ખંડેર રાજકોટ મનપાની યોજનાઓ ઠપ્પ

## ■ રિવરફ્રન્ટથી 24 કલાક પાણી સુધી બધુ કાગળ પર જ, શહેર રાહ જોતુ રહ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર નાણાંકિય વર્ષમાં કરોડોના વિકાસકામોની યોજનાઓ સાથેના અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં આમાંની મોટાભાગની યોજનાઓ માત્ર કાગળ પર જ રહી જાય છે. ભાજપના પૂર્વ શાસકોની પાંચ વર્ષની ટર્મ પૂર્ણ થઈ છે અને હવે નવનિયુક્ત શાસકો સત્તા સંભાળવાના છે ત્યારે વર્ષોથી અભેરાઈ પર ચડેલી ફાઈલો પરથી ધૂળ ખંખેરીને જો કામ શરૂ કરવામાં આવે તો જ રાજકોટનો વિકાસ તેજ ગતિએ આગળ વધી શકે તેમ છે. મનપાની અનેક યોજનાઓ જેવી કે, રિવરફ્રન્ટ, ફૂટ ઓવરબ્રીજ અને ૨૪ કલાક પાણી સહિતની યોજનાઓ કાગળ પર છે. ત્યારે નવનિયુક્ત પદાધિકારીઓ આ યોજનાઓને જમીન પર લાવશે કે નહીં તેના પર સૌની મીટ મંડાયેલી છે.

મિલકત વેરા અને પાણીવેરાની આવકમાંથી મનપાનાં કર્મચારીઓના પગારનો ખર્ચ પણ માંડ નીકળે તેવી પરિસ્થિતિ વચ્ચે હવે તંત્રને રૂ. ૨૦૦ કરોડ વ્યાજે લેવા પડે તેવી ગંભીર નોબત આવી છે. વિકાસ અને સ્માર્ટ સિટીના ગુણગાન વચ્ચે પાણીની સમસ્યા પણ ઠેરની ઠેર જોવા મળી રહી છે. મહાપાલિકા શહેરના ૧૮ વોર્ડની ૨૦ લાખની વસતીને માંડ ૨૦ મિનિટ પાણી પૂરા ફોર્સથી આપી શકે છે, જેના માટે પણ વર્ષમાં બે વાર નર્મદાના



નીરની માંગણી કરવી પડે છે. આવી સ્થિતિમાં વેસ્ટઝોનના ચંદ્રેશનગર સહિતના વિસ્તારોમાં મીટર આધારિત ૨૪ કલાક પાણી આપવાની યોજના જાહેર કરીને તંત્ર હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાયું હતું. આ યોજનાનો અમલ કરવો શક્ય ન હોવાથી તેને પણ અભેરાઈ પર ચડાવી દેવામાં આવી છે. આવી જ રીતે, આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ પણ વર્ષોથી લટકેલો છે, જેના પર કોઈ નક્કર કામગીરી થતી જોવા મળતી નથી. જ્યારે ફૂટ ઓવરબ્રીજની બાબતમાં પણ તંત્ર માત્ર દર બે વર્ષે જાહેરાતો કરતું આવ્યું છે. બીનાબેન આચાર્ય જ્યારે મેયર હતા ત્યારે તેઓએ જ્યુબિલી બાગથી ગાંધી મ્યુઝિયમ સુધીના ફૂટ ઓવરબ્રીજની યોજના મૂકી હતી. તે પછીના બજેટમાં પણ વધુ ફૂટ ઓવરબ્રીજની જાહેરાતો કરાઈ હતી, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે શહેરમાં હજુ સુધી એકપણ સ્થળે ફૂટ ઓવરબ્રીજ બન્યા નથી. સોરઠિયાવાડી અને રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે બ્રીજ બનાવવાની જાહેરાતો પણ ઈજનેરોની સલાહ લીધા વગર જ કરાઈ હોવાથી બાદમાં તે યોજનાઓ પડતી મૂકવી પડી હતી. જ્યારે પીડીએમ ફાટક પાસેના બ્રીજની યોજના તો દર બજેટમાં સ્થાન પામે છે, જેનો અંદાજિત ખર્ચ સતત વધી રહ્યો છે પણ બ્રીજનું નિર્માણ કાર્ય આગળ વધતું નથી. આરોગ્ય અને અન્ય સુવિધાઓની વાત કરીએ તો, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન સહિત પદાધિકારીઓએ કેન્સરની સારવાર માટે મેમોગ્રાફી મશીનની સુવિધા શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ માટે બે વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, પરંતુ કોઈ એજન્સી મશીન આપવા તૈયાર થઈ નથી. તેવી રીતે પૂર્વ કમિશનર આનંદ પટેલ દ્વારા સ્માર્ટ સિટી વિસ્તારમાં 'શહીદ પાર્ક' બનાવવાની યોજના પણ મ્યુનિસિપલ તંત્રની નિંભર નીતિને કારણે જાણે શહીદ થઈ ગઈ હોય તેમ જણાય છે. આ ઉપરાંત શહેરીજનોને ખરાબ રસ્તાઓમાંથી મુક્તિ આપવા માટે 'વ્હાઈટ ટોપિંગ રોડ' બનાવવાની યોજના માત્ર એક જ સ્થળે સીમિત રહી ગઈ છે. આ ઉપરાંત, મહાનગરપાલિકાના સાયકલ શેરિંગ પ્રોજેક્ટમાં પણ પંક્ચર પડી ગયું છે અને ગ્રીન લાયબ્રેરી જેવા મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ પણ વહીવટી ગુંચવણોમાં ફસાયેલા છે.

## દોઢ લાખ વાહન ચાલકો માટે રાહતના સમાચાર

# સાંઢિયા પૂલ ખૂલ્લે છે!



## મેયરના નામની જાહેરાત બાદ ફોરલેન સાંઢિયા પૂલનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણની શક્યતા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના જામનગર હાઈવેને જોડતા અતિ મહત્વના એવા સાંઢિયા પુલના નવનિર્માણની કામગીરી હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. છેલ્લા ઘણા સમયથી શહેરના પશ્ચિમ અને સેન્ટ્રલ ઝોનના ટ્રાફિક માટે માથાના દુખાવા સમાન બનેલી આ સમસ્યાનો હવે સુખદ અંત આવવા જઈ રહ્યો છે.

હાલ માત્ર પુલની એક સાઈડ એટલે કે જમણી બાજુના સિવિલ સાઈડ એપ્રોચ રોડમાં ડામરકામ અને ફાઈનલ ફિનિશિંગની કામગીરી બાકી છે. આ કામગીરી આગામી ૨૦ દિવસમાં પૂર્ણ થવાની પૂરતી શક્યતા છે. ૨૦મે આસપાસ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની રાજકોટ મુલાકાત ગોઠવાઈ રહી હોવાથી, તેમના હસ્તે જ આ ફોરલેન બ્રિજ ખુલ્લો મુકવામાં આવે તેવી શક્યતા છે. બ્રિજ શરૂ થતાં એક લાખ કરતા વધુ વાહનચાલકોને રાહત મળશે. મહાપાલિકા દ્વારા રૂ. ૭૪.૨૫ કરોડનાં ખર્ચે હાથ ધરવામાં આવેલા આ બ્રિજની લંબાઈ ૬૦૦ મીટર એટલે કે અડધા કિમી કરતા પણ વધુ છે, જ્યારે તેની પહોળાઈ ૧૬.૪૦ મીટર રાખવામાં આવી છે. અગાઉ પુલ જર્જરિત અને સાંકડો હોવાથી તેને તોડીને તેના સ્થાને રૂ. ૭૪.૨૫ કરોડના ખર્ચે આ નવો ફોરલેન બ્રિજ બનાવવામાં આવ્યો છે.

હાલની સ્થિતિની વાત કરીએ તો, પુલની મુખ્ય સિવિલ કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. અત્યારે માત્ર પુલની એક સાઈડ એટલે કે જમણી બાજુના સિવિલ સાઈડ એપ્રોચમાં ડામરકામ અને ફાઈનલ ફિનિશિંગની કામગીરી બાકી છે. ઉપરાંત ભોમેશ્વર તરફના સર્વિસ રોડની કામગીરી પણ આટોપી લેવામાં આવી છે. ત્યારે આગામી ૨૦ દિવસમાં ડામર અને પેઈન્ટિંગ જેવી તમામ નાની-મોટી કામગીરી પૂર્ણ કરી લેવામાં આવનાર છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સાંઢિયા પુલના નિર્માણમાં ધાર્યા કરતા થોડો વધુ સમય લાગ્યો હોવા પાછળ અનેક ટેકનિકલ અને કુદરતી કારણો પણ જવાબદાર રહ્યા છે. આ પુલનો મોટો હિસ્સો રેલવે લાઈન પરથી પસાર થતો હોવાથી ગર્ડર મૂકવા જેવી જટિલ કામગીરી માટે રેલવે તંત્રની મંજૂરી મેળવવી અનિવાર્ય હતી. આ મંજૂરીની પ્રક્રિયામાં ખાસ્સો સમય વીતી ગયો હતો.



તે ઉપરાંત, ગત ચોમાસા દરમિયાન પડેલા ભારે વરસાદને કારણે પણ બાંધકામની ગતિ ધીમી પડી હતી. તહેવારોના સમયે કોન્ટ્રાક્ટર પાસે મજૂરોની અછત સર્જાતા કામમાં અડચણો આવી હતી. જોકે, હવે આ તમામ અવરોધો પાર કરીને પુલ તેના લોકાર્પણ માટે સજ્જ થઈ રહ્યો છે. બ્રિજ સામાન્ય જનતા માટે ખુલ્લો મુકતા પહેલા તેના પર ભારે વાહનો ચલાવીને જરૂરી ટેસ્ટિંગ પણ કરવામાં આવશે.

આ બ્રિજ શરૂ થવાથી રાજકોટના વોર્ડ નં. ૧, ૨ અને ૩ના રહેવાસીઓ સહિત અંદાજે ૧,૦૦,૦૦૦થી વધુ વાહનચાલકોને મોટી રાહત મળશે. ખાસ કરી નાગેશ્વર, ઘંટેશ્વર, એઈમ્સ હોસ્પિટલ તરફ જતા લોકો, શીતલ પાર્ક, માધાપર, રેલનગર અને પોપટપરા વિસ્તારના રહીશોને હવે ટ્રાફિક જામનો સામનો નહીં કરવો પડે.

અત્યાર સુધી પુલ બંધ હોવાને કારણે એસ.ટી. બસો અને અન્ય ભારે વાહનોને શહેરના મુખ્ય માર્ગો જેવા કે યાજ્ઞિક રોડ, રૈયા રોડ અને રૈયા ચોકડી થઈને ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ડાયવર્ટ કરવામાં આવતા હતા. આના કારણે શહેરના આંતરિક માર્ગો પર ટ્રાફિકનું ભારણ અસહ્ય વધી ગયું હતું.

## પાવર પોલિટિક્સ | ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની 3 દિવસીય બેઠક

# CM નિવાસે ભાજપનો પાવર ગેમ મનપાથી તાલુકા સુધી પદો માટે મથામણ!




## 15 મહાપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત, 260 તાલુકા પંચાયતો માટે પદાધિકારીઓની પસંદગી પર મેરેથોન મિટિંગમાં નિર્ણય લેવાશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

આજે ૬ મેથી ૮ મે સુધી મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની મહત્વપૂર્ણ ત્રણ દિવસીય બેઠક યોજાવાની છે. સવારે ૧૦:૩૦ વાગ્યાથી શરૂ થનારી આ બેઠકને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સત્તા મજબૂત બનાવવા માટે આ બેઠક અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

માહિતી મુજબ, આ બેઠકમાં ગુજરાતની કુલ ૩૯૩ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ માટે પદાધિકારીઓની પસંદગી અંગે ચર્ચા થશે. જેમાં ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતનો સમાવેશ થાય છે. ખાસ કરીને મહાનગરપાલિકાઓમાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના અગત્યના હોદ્દાઓ માટે નામોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, પાર્ટી દ્વારા આ વખતે સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી અનુભવી નેતાઓ સાથે યુવા અને નવી પેઢીને પણ મહત્વ આપવામાં આવશે. સામાજિક અને પ્રાદેશિક સંતુલન જળવાઈ રહે તે માટે ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સાથે જ કાર્યકર્તાઓમાં સંતુલન અને સમાધાન જળવાઈ રહે તે માટે પણ ટોચના નેતાઓ દ્વારા ચર્ચા કરવામાં આવશે.

બેઠક દરમિયાન દરેક જિલ્લા અને શહેર માટે અલગ-અલગ નામોની યાદી પર વિસ્તૃત ચર્ચા થશે અને ત્યારબાદ અંતિમ પસંદગી પર મંજૂરી આપવામાં આવશે. મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપના અગ્રણીઓ તેમજ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો હાજર રહી આ પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપશે.

આ બેઠકના નિર્ણયો આગામી સમયમાં સ્થાનિક રાજકારણની દિશા નક્કી કરશે અને ભાજપના સંગઠન માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને મેયર અને પંચાયત પ્રમુખોની પસંદગી પર સૌની નજર ટકેલી છે, કારણ કે તે આગામી રાજકીય સમીકરણો પર સીધી અસર પાડશે.


### એક-બે લોકોના કારણે આખા વિભાગની છબી ખરાબ ન થાય

# હું ચલાવું છુંનો અહંકાર છોડો CM ભૂપેન્દ્ર પટેલની ટકોર

### » અડાલજની ચિંતન શિબિરમાં ટીમવર્ક અને જવાબદારી પર ભાર

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

અડાલજના ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગની ત્રિદિવસીય ચિંતન શિબિરનો ભવ્ય પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યો હતો. “Collaborate, Innovate and Transform for Better Land Governance” થીમ સાથે યોજાયેલી આ શિબિરમાં રાજ્યભરના જિલ્લા કલેક્ટરો અને મહેસૂલી અધિકારીઓ એકત્ર થયા છે. કાર્યક્રમના આરંભે મુખ્યમંત્રીએ તીખી ટિપ્પણી કરતાં કહ્યું કે, “ચિંતન શિબિર છે તો બધા ચિંતિત કેમ?”. એટલું જ નહીં 'હું ચલાવું છું' એવો અભિમાન છોડીને ટીમવર્કથી કાર્ય કરવાની અધિકારીઓને ટકોર કરી હતી. મુખ્યમંત્રીએ કલેક્ટરોની ભૂમિકા પર ભાર મૂકતાં કહ્યું કે તેઓ પાસે વિશાળ સત્તાઓ છે અને તે સત્તાનો ઉપયોગ પ્રજાલક્ષી કામોમાં થવો જોઈએ. 'દર ૧૫ દિવસે પોતાના કામનું ચિંતન કરો, એક-બે લોકોના કારણે આખા વિભાગની છબી ખરાબ ન થાય' એવી ચેતવણી આપતાં તેમણે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાની સ્પષ્ટ સૂચના આપી. તેમણે જણાવ્યું કે સ્વાગત ઓનલાઈન જેવા કાર્યક્રમોમાં નાગરિકોના પ્રશ્નો સીધા તેમની પાસે પહોંચે છે, તેથી અધિકારીઓએ અગાઉથી જ સમસ્યાઓનું નિવારણ કરી દેવું જોઈએ જેથી લોકો સંતોષ અનુભવે. મુખ્યમંત્રીએ અધિકારીઓને સંવેદનશીલ વહીવટ માટે પ્રેરિત કરતાં કહ્યું કે, “ઓફિસમાં આવનાર કોઈપણ વ્યક્તિને ખચકાટ ન થાય, હસતા મોંઢે કામ કરશો તો અરજદાર ખુશ થશે.” સાથે જ તેમણે “હું ચલાવું છું” એવો અભિમાન છોડીને ટીમવર્કથી કાર્ય કરવાની સલાહ આપી અને ઉમેર્યું કે સિસ્ટમ સૌના સહકારથી ચાલે છે. IAS અધિકારીઓના સંઘર્ષનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે મોટી મહેનત બાદ આ પદ પ્રાપ્ત થાય છે, તેથી જવાબદારીપૂર્વક કાર્ય કરવું જરૂરી છે. વ્યક્તિગત કે વહીવટી મુશ્કેલી હોય તો સીધા તેમને જાણ કરવા પણ મુખ્યમંત્રીએ આશ્વાસન આપ્યું. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને યાદ કરતાં કહ્યું કે વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને વિકસિત ગુજરાતથી સાકાર કરવા મહેસૂલ વિભાગની ભૂમિકા મહત્વપૂર્ણ છે.



### શૂટ સ્પેસના સંચાલકો રફૂચક્કરના આક્ષેપો

# ગિફ્ટ સિટીમાં 400 કરોડનો સ્કેમ?

## મહિને 5% રિટર્નની લાલચમાં 33 હજાર રોકાણકારોના નાણાં ડૂબ્યાની શંકા





**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતના આર્થિક હબ ગણાતા ગિફ્ટ સિટીમાં રોકાણના નામે કરોડો રૂપિયાનું મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. અહીં કાર્યરત શૂટ સ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીએ ટેરાબાઈટ ડેટા સ્પેસમાં રોકાણ કરાવી ઊંચા વળતરની લાલચ આપી કરોડોનો ચૂનો લગાવ્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. રોકાણકારો કંપનીની ઓફિસે ન્યાયની માંગ સાથે ઉમટી પડતા ગિફ્ટ સિટીમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ અંગે જાણ થતા ડભોડા પોલીસે સ્થળ પર પહોંચી મામલો થાળે પાડ્યો હતો. પોલીસ દ્વારા ભોગ બનનારા લોકોની ફરિયાદો નોંધવાની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે અને કંપનીના સંચાલકોની શોધખોળ હાથ ધરી કાયદેસરની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક અંદાજ મુજબ આ કૌભાંડનો આંકડો મોટો છે. આશરે ૩૩,૦૦૦થી વધુ ગ્રાહકો આ સ્કીમમાં ફસાયા હોવાની ભીતિ છે અને કૌભાંડનો આંકડો ૪૦૦ કરોડ રૂપિયાને પાર કરી શકે છે. કેટલાક રોકાણકારોએ તો ૫ લાખથી લઈને ૩ કરોડ રૂપિયા સુધીની રકમ ગુમાવી હોવાની ફરિયાદો ઉઠી છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા ગિફ્ટ સિટી ખાતે પોલીસ કાફલો દોડી ગયો હતો. આ અંગે ડભોડા પોલીસ મથકના પીઆઈ અનિલ ચૌહાણે કહ્યું કે, રોકાણકારોને વળતર નહીં મળ્યાનો આક્ષેપ છે. જે મામલે તેમણે અરજી આપી છે. જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ કંપની દ્વારા રોકાણકારોને એવી લોભામણી સ્કીમ બતાવવામાં આવી હતી કે જો તેઓ ટેરાબાઇટ ડેટા સ્પેસ ખરીદવામાં રોકાણ રોકશે, તો તેના બદલામાં તેમને દર મહિને ૫ ટકા જેટલું માતબર વળતર ચૂકવવામાં આવશે. શરૂઆતના તબક્કે કંપનીએ સમયસર વળતર ચૂકવીને રોકાણકારોનો વિશ્વાસ કેળવ્યો હતો.આ વિશ્વાસના જોરે ગુજરાત ઉપરાંત હરિયાણા અને ગોવા જેવા અન્ય રાજ્યોના લોકોએ પણ કરોડો રૂપિયાનું આંધળું રોકાણ કર્યું હતું. અનેક મધ્યમવર્ગીય પરિવારોએ પોતાની આજીવનની જમાપુંજી, સોનાના દાગીના વેચીને કે બેંક લોન લઈને આ કંપનીમાં રોકાણ કર્યું હોવાની બુમરાણ ઉઠી છે.

### હડાદમાં જમીન ઝઘડો બન્યો ખૂની

## કાકાએ ભત્રીજાની ધોકાનાં ઘા ફટકારી કરી નાખી હત્યા

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

બનાસકાંઠા જિલ્લાના હડાદ તાલુકામાં જમીનના અંગત વિવાદે એક લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું છે. તોરણીયા ગામના એક શખ્સે પોતાના જ સગા ભત્રીજા પર ધોકા અને બેટ વડે જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ હૃદયદ્રાવક ઘટનાનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકોમાં ભારે રોષ અને અરેરાટી ફેલાઈ છે. મળતી માહિતી મુજબ, હડાદ પોલીસ સ્ટેશન વિસ્તારના નવાવાસ કાંઠ ગામે પરંપરાગત 'ગોરના મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. હજારોની સંખ્યામાં લોકો મેળાની મજા માણી રહ્યા હતા, ત્યારે જમીન બાબતે ચાલી રહેલા જૂના મનદુખને કારણે કાકા-ભત્રીજા સામસામે આવી ગયા હતા. તોરણીયા ગામના રહેવાસી આરોપી નોપાભાઈ કુલાભાઈ તરાલે આવેશમાં આવી જઈ પોતાના ભત્રીજા કનાભાઈ (કરણભાઈ) તરાલ પર ક્રિકેટના બેટ વડે આડેધડ હુમલો કરવાનું શરૂ કર્યું હતું.આરોપીએ ભત્રીજાને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર રીતે ઘાયલ કનાભાઈને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે અંબાજી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઈજાઓ એટલી ગંભીર હતી કે ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. એક ક્ષણિક આવેશ અને જમીનના ટુકડા માટે કાકાએ ભત્રીજાનો જીવ લેતા પરિવારમાં માતમ છવાયો છે.




### એક-બે લોકોના કારણે આખા વિભાગની છબી ખરાબ ન થાય

## ચિંતન શિબિરમાં CMનો કડક અવાજ સિસ્ટમ સુધારવાની ચેતવણી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

અડાલજના ત્રિમંદિર ખાતે મહેસૂલ વિભાગની ત્રિદિવસીય ચિંતન શિબિરનો ભવ્ય પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યો હતો. “Collaborate, Innovate and Transform for Better Land Governance” થીમ સાથે યોજાયેલી આ શિબિરમાં રાજ્યભરના જિલ્લા કલેક્ટરો અને મહેસૂલી અધિકારીઓ એકત્ર થયા છે. કાર્યક્રમના આરંભે મુખ્યમંત્રીએ તીખી ટિપ્પણી કરતાં કહ્યું કે, “ચિંતન શિબિર છે તો બધા ચિંતિત કેમ?”. એટલું જ નહીં 'હું ચલાવું છું' એવો અભિમાન છોડીને ટીમવર્કથી કાર્ય કરવાની અધિકારીઓને ટકોર કરી હતી. મુખ્યમંત્રીએ કલેક્ટરોની ભૂમિકા પર ભાર મૂકતાં કહ્યું કે તેઓ પાસે વિશાળ સત્તાઓ છે અને તે સત્તાનો ઉપયોગ પ્રજાલક્ષી કામોમાં થવો જોઈએ. 'દર ૧૫ દિવસે પોતાના કામનું ચિંતન કરો, એક-બે લોકોના કારણે આખા વિભાગની છબી ખરાબ ન થાય' એવી ચેતવણી આપતાં તેમણે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાની સ્પષ્ટ સૂચના આપી.






# બેંગલુરુમાં વિવાદના કારણે IPLની ફાઈનલ મેચ અમદાવાદમાં રમાશે


## ધર્મશાલા-ચંદીગઢમાં રમાશે નોકઆઉટ; ૩૧મી મેએ ફાઈનલ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ના પ્લેઓફ મુકાબલાઓનું શેડ્યૂલ જાહેર થઈ ગયું છે. તેની શરૂઆત ૨૬ મેના રોજ ક્વોલિફાયર-૧ મુકાબલાથી થશે. ટુર્નામેન્ટની ફાઇનલ ૩૧ મેના રોજ અમદાવાદમાં રમાશે. ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) એ મંગળવારે પ્લેઓફ મુકાબલાઓની વિગતો જાહેર કરી. IPL ૨૦૨૬માં ૫ મે સુધીમાં ૪૮ મેચ રમાઈ ચૂકી છે. પ્લેઓફ મુકાબલાઓ ૭૦ મેચ પછી રમાશે. સીઝનનો ગ્રાન્ડ ફિનાલે ૩૧ મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. મોદી સ્ટેડિયમ સતત બીજા વર્ષે ખિતાબી મુકાબલાની મેજબાની કરશે. IPL ૨૦૨૫ની ફાઇનલ પણ અહીં જ રમાઈ હતી, જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ પંજાબ કિંગ્સને હરાવીને ટ્રોફી જીતી હતી. આ પહેલાં ૨૦૨૨ અને ૨૦૨૩માં પણ IPL ફાઇનલ અમદાવાદમાં રમાઈ હતી. આમ આ ચોથી વખત IPL ફાઇનલ અમદાવાદમાં રમાઈ રહી છે.IPL ૨૦૨૬ની પહેલી પ્લેઓફ એટલે કે ક્વોલિફાયર-૧ ધર્મશાલાના HPCA (એચપીસીએ) સ્ટેડિયમમાં ૨૬ મેના રોજ રમાશે. તેમાં પોઇન્ટ્સ ટેબલની ટોપ-૨ ટીમો સામસામે હશે. ત્યારબાદ ટુર્નામેન્ટ ચંદીગઢના ન્યૂ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં શિફ્ટ થશે. અહીં ૨૭ મેના રોજ એલિમિનેટર અને ૨૯ મેના રોજ ક્વોલિફાયર-૨ની મેચો રમાશે.

# 1 જૂનથી ગુજરાતમાં વસતી ગણતરીનો પ્રારંભ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**




ગુજરાતમાં વસતી ગણતરીને લઈ મહત્વપૂર્ણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારના ગેઝેટ મુજબ રાજ્યમાં ૧ જૂન ૨૦૨૬થી ૩૦ જૂન ૨૦૨૬ દરમિયાન હાઉસ લિસ્ટિંગ ઓપરેશન હાથ ધરાશે. આ તબક્કામાં દરેક મકાન, રહેણાંક એકમ તેમજ ઘરેલુ માહિતી એકત્રિત કરવામાં આવશે અને પરિવારદીઠ આશરે ૩૩ સવાલો પૂછવામાં આવશે. હાઉસ ટુ હાઉસ ગણતરી શરૂ થાય તે પહેલાં નાગરિકોને પોતાની માહિતી જાતે જ નોંધાવવાની તક આપવામાં આવશે. ૧૭ મેથી ૩૧ મે દરમિયાન "સેલ્ફ એન્યુમેરેશન" પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં લોકો પોતાની માહિતી સ્વયં નોંધાવી શકશે.વસતી ગણતરીના પ્રથમ તબક્કાના ભાગરૂપે ૧ જૂથી ગુજરાતમાં હાઉસ ટુ હાઉસ લિસ્ટિંગની પ્રક્રિયા હાથ ધરાશે. ઘરે ઘરે જઈ કર્મચારીઓ દ્વારા પરિવારદીઠ ૩૩ સવાલો પૂછવામાં આવશે. ૧ જૂનથી ગુજરાતમાં હાઉસ ટુ હાઉસ લિસ્ટિંગ કાર્યવાહી શરૂ થશે. આ પહેલા ૧૭ મે થી ૩૧ મે સુધી લોકો જાતે માહિતી નોંધાવવાની તક પણ આપવામાં આવશે. વસતી ગણતરીને સફળ બનાવવા માટે તંત્ર દ્વારા તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી છે. તા. ૧૦ મે થી ૧૫ મે ૨૦૨૬ દરમિયાન અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે. ગણતરીકારો અને સુપરવાઈઝરોને આધુનિક ટેક્નોલોજી આધારિત તાલીમ આપવામાં આવશે, જેમાં મોબાઈલ એપ્લિકેશન અને CMMS પોર્ટલનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરવામાં આવશે અને રિયલ-ટાઈમ મોનિટરિંગ શક્ય બનશે.

### પ્રેમીએ જ ફરવા બોલાવી ચાદરમાં લપેટી ફેંકી દીધી

# વડોદરામાં મહેંદી મૂકવા ગયેલી યુવતીની હત્યા

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**





૪ મે સોમવારના રોજ વડોદરાના અંકોડિયા વિસ્તારમાંથી યુવતીની હત્યા કરાયેલી લાશ મળી આવ્યા બાદ તેની ઓળખ ગઈકાલે થઈ હતી. મૃતક યુવતીનું નામ દિવ્યા પરમાર અને મુજમહુડા ગામની વતની હોવાનું સામે આવ્યું હતું. દિવ્યા બનાવના આગલા દિવસે એટલે કે રવિવારે ઘરેથી મહેંદી મૂકવા જવાનું કહીને નીકળી હતી. બાદમાં તે પરત ફરી નહોતી. પરિવારે અનેક ફોન કર્યા, પરંતુ સંપર્ક થયો નહોંતો.બાદમાં પરિવાર સોશિયલ મીડિયામાં અજાણી યુવતીનો મૃતદેહ જોઈ હોસ્પિટલ તપાસ કરવા પહોંચ્યા તો દિવ્યાનો નીકળ્યો હતા. પોલીસની તપાસમાં આજે (૬ મે) દિવ્યાની હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. તપાસમાં સામે આવ્યું કે, યુવતીની હત્યા તેના જ પ્રેમીએ અન્ય સાથેના સંબંધની શંકામાં કરી છે. રિકન્સ્ટ્રક્શન માટે પોલીસ આરોપીને લઈને ઘટનાસ્થળે પહોંચી હતી.મળતી માહિતી મુજબ, ઝડપાયેલા આરોપીનું નામ રોહન વણકર ઉર્ફે પરમાર છે, જે કોશિંગા બોડેલીનો વતની છે અને તે શહેરના ગાય સર્કલ વિસ્તારમાં આવેલી એક કેફેમાં નોકરી કરતો હતો. જ્યારે મૃત દિવ્યા કેફે સામેની જ ખાનગી હોસ્પિટલમાં કામ કરતી હતી. આરોપી અને મૃતક વચ્ચે છેલ્લા પાંચથી છ મહિનાથી પ્રેમસંબંધ હતો. આરોપીને યુવતીના અન્ય સાથે સંબંધ હોવાની શંકા હતી.આરોપીએ ૩ મેના રોજ યુવતીને અંકોડિયા વિસ્તારમાં આવેલા મિનિ વોટરપાર્ક ફરવા બોલાવી હતી. ત્યાંથી તે તેને અંકોડિયા પાસે અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો. અહીં બંને વચ્ચે બબાલ થઈ હતી અને પ્રેમીએ આવેશમાં આવીને તેની પાસે રહેલા કોમ્પ્યુટર વાયરથી યુવતીનું ગળું દબાવીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. હત્યા બાદ યુવતીની લાશને ચાદરમાં વીંટાળીને ત્યાં જ ફેંકી દીધી હતી અને ફરાર થઈ ગયો હતો.

### ચૂંટણી બાદ કોલકત્તામાં અશાંતિ

# બંગાળમાં હિંસા ભભૂકીઃ TMC ઓફિસ પર બૂલડોઝર, 4ના મોત






## સુરક્ષા દળો પર ફાયરિંગઃ ભાજપ અને TMCના 2-2 કાર્યકરોની હત્યા



**સિટી ન્યૂઝ@બંગાળ**

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી હિંસાની ઘટનાઓ શરૂ થઈ ગઈ છે. નોર્થ ૨૪ પરગના જિલ્લાના સંદેશખાલીના બામનઘેરી વિસ્તારમાં બુધવારે રાત્રે પેટ્રોલિંગ કરી રહેલી પોલીસ અને કેન્દ્રીય દળો પર હુમલો થયો. ઉપદ્રવીઓએ ફાયરિંગ કર્યું, જેમાં પાંચ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા. બધાને મીનાખા ગ્રામીણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને બાદમાં કોલકાતાની હોસ્પિટલોમાં રિફર કરવામાં આવ્યા હતા.ઘાયલોમાં નજાટ પોલીસ સ્ટેશનના ઓફિસર ઇન-ચાર્જ, એક કોન્સ્ટેબલ, એક મહિલા પોલીસકર્મી અને કેન્દ્રીય દળોના બે જવાનોનો સમાવેશ થાય છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અલગ-અલગ જગ્યાએ ૪



લોકોની હત્યા કરી દેવામાં આવી. આમાં ભાજપ અને TMCના ૨-૨ કાર્યકર્તાઓ છે.કોલકાતામાં CM મમતા બેનર્જીના નિવાસસ્થાન, તેમના ભત્રીજા અભિષેક બેનર્જીના નિવાસસ્થાન અને ટીએમસી હેડક્વાર્ટર પરથી વધારાનો પોલીસ બંદોબસ્ત હટાવી લેવામાં આવ્યો છે.

બુધવારે ત્રણેય સ્થળોએ કોઈ પોલીસ જવાન હાજર જોવા મળ્યો ન હતો. મમતાના નિવાસસ્થાનની બહારના બેરિકેડ પણ હટાવવામાં આવ્યા છે. અભિષેક ડાયમંડ હાર્બર મતવિસ્તારના સાંસદ છે. તેમની Z-કેટેગરી સુરક્ષા પહેલાની જેમ ચાલુ રહેશે.

ભાજપે ઉત્તર ૨૪ પરગનાના ન્યૂ ટાઉન અને હાવડાના ઉદય નારાયણપુરમાં તેના બે કાર્યકર્તાઓની હત્યાનો આરોપ TMC પર લગાવ્યો છે. TMCએ પણ આરોપ લગાવ્યો છે કે કોલકાતાના બેલેઘાટા અને બીરભૂમના નાનૂરમાં તેના બે પાર્ટી સભ્યોની હત્યા કરી દેવામાં આવી. તપાસ દરમિયાન, સુરક્ષા એજન્સીઓએ ઘટનાસ્થળેથી બોમ્બ ભરેલી એક બેગ પણ જપ્ત કરી હતી.

કોલકાતાના ન્યુ માર્કેટમાં ટોળાએ હોબાળો કર્યો અને બુલડોઝરથી ટીએમસી પાર્ટી ઓફિસ તોડી પાડી. ઉપદ્રવીઓએ નજીકની દુકાનોને પણ નુકસાન પહોંચાડ્યું. ઘટનાનો વીડિયો શેર કરતા, ટીએમસીએ X પર લખ્યું- ભાજપનું ’પરિવર્તન’ આવી ગયું છે, અને તે બુલડોઝર લઈને આવ્યું છે.

## ધો.10 અને 12ના પરિણામમાં ફરી એકવાર

# આલ્ફા વિદ્યા સંકુલ જુનાગઢનો દબદબો

## આલ્ફા વિદ્યા સંકુલ સમગ્ર રાજ્યમાં 99.99%PR સાથે ગુજરાત પ્રથમ





























## નિર્ભય જસાણીએ 99.99%PR સાથે બોર્ડમાં પ્રથમ ક્રમ મેળવી રચ્યો ઈતિહાસ

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર થયેલા SSC ૨૦૨૬ ના પરિણામમાં જૂનાગઢ સ્થિત આલ્ફા વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓએ જવલંત સફળતા પ્રાપ્ત કરી છે. NIT, IIT તેમજ MBBS ના પ્રવેશદ્વાર સમાન ગણાતી આ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષામાં A૧ ગ્રેડની વણઝાર લગાવીને સમગ્ર ગુજરાત રાજ્યમાં ડંકો વગાડ્યો છે. આ અદભુત પરિણામ સંસ્થાની ગુણવત્તાયુક્ત શિક્ષણ પદ્ધતિ અને શિક્ષકોની મહેનતની સાબિતી આપે છે.આ ભવ્ય પરિણામનું મુખ્ય આકર્ષણ પોરબંદર જિલ્લાનું ગૌરવ એવો વિદ્યાર્થી નિર્ભય જસાણી રહ્યો છે. નિર્ભયે ૯૯.૯૯ PR મેળવીને સમગ્ર બોર્ડમાં પ્રથમ (૧st) સ્થાન પ્રાપ્ત કરીને ઈતિહાસ રચ્યો છે. વિશેષમાં, તેણે ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને સંસ્કૃત એમ ચારેય વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવીને અકલ્પનિય સિદ્ધિ હાંસલ કરી છે. સંસ્થા દ્વારા ગ્રામ્ય વિદ્યાર્થીઓના આ ઉત્કર્ષમાં સહભાગી થવા બદલ ગર્વની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

નિર્ભય ઉપરાંત સંસ્થાના અન્ય તેજસ્વી તારલાઓએ પણ શાનદાર દેખાવ કર્યો છે. ગીર-સોમનાથના કૃષ્ણ હિતેશભાઈએ ૯૯.૩૬ PR (ગણિત-વિજ્ઞાનમાં ૧૦૦ ગુણ), પોરબંદરના પાર્થ માલિયાએ ૯૯.૧૧ PR, જીલ દેસાઈએ ૯૮.૭૨ PR અને અમરેલીના ભવ્ય સાવલિયાએ ૯૮.૬૧ PR મેળવી A૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ સાથે જયશ્રી ગોઢાણિયા (૯૬.૨૨ PR), દેવા પરમાર (૯૬.૦૬ PR), વિવેક મજીઠીયા (૯૫.૯૦ PR), દેવાંગ ડોડિયા (૯૫.૯૦ PR) અને રાજુભાઈ કડછા (૯૫.૫૮ PR) જેવા વિદ્યાર્થીઓએ પણ ઉચ્ચ ગુણાંક સાથે પોતાના પરિવાર અને સંસ્થાનું નામ રોશન કર્યું છે.

આલ્ફા વિદ્યા સંકુલ માત્ર જૂનાગઢ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત માટે શ્રેષ્ઠ રેસિડેન્શિયલ સ્કૂલ તરીકે ઉભરી આવી છે. વડાલ રોડ પર આવેલ આ સંકુલ બોયઝ અને ગર્લ્સ માટે અલગ કેમ્પસની સુવિધા ધરાવે છે. આ ઐતિહાસિક પરિણામ બદલ શાળાના સંચાલકો દ્વારા તમામ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી છે.





1 કરોડની કેરી

# ઈશા અંબાણીનું 200 કરોડનું બ્લાઉઝ

## ગુજરાતની જ્વેલર્સની કમાલઃ 2000 કલાકની મહેનતે બન્યું

સિટી ન્યૂઝ@મુંબઈ

ગુજરાતી બિઝનેસવુમન ઈશા અંબાણીએ વિવિધ ભારતીય કળાઓને અમેરિકાના ન્યૂયોર્કમાં યોજાયેલા 'મેટ ગાલા ૨૦૨૬'ના પ્રી-પાર્ટી અને મુખ્ય ઈવેન્ટમાં નવી ઓળખ અપાવી છે. ખાસ કરીને, મેટ ગાલા ૨૦૨૬ની મુખ્ય ઈવેન્ટમાં ઈશાનું હીરા-જવેરાતથી જડિત બ્લાઉઝ અને સોનાના દોરાથી બનેલી સાડીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ બ્લાઉઝને ગુજરાતી જ્વેલર્સના કારીગરોની ૨૦૦૦ કલાકની મહેનતે તૈયાર કરવામાં આવ્યું હતું, જેની ખાસ વાત એ હતી કે બ્લાઉઝ પર ઈશાને જીયાણામાં મળેલા દાગીનાનો ઉપયોગ થયો હતો. વાસ્તવમાં ઈવેન્ટ દરમિયાન ઈશા અંબાણીએ પોતાના ડ્રેસ વિશે ખુલાસો કર્યો હતો. ઈશાએ કહ્યું કે, 'આ બ્લાઉઝ મારી માતાના દાગીનાઓથી લાદેલું છે.



# 'ટોક્સિક'માં બોન્ડ સીન્સ હટાવવાની કિયારાની માંગ

સિટી ન્યૂઝ@મુંબઈ

KGF સ્ટાર યશની આગામી ફિલ્મ 'ટોક્સિક'માં બોલિવૂડ એક્ટ્રેસ કિયારા અડવાણી મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. તાજેતરમાં ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, કિયારાએ યશ સાથેના કેટલાક રોમેન્ટિક અને બોલ્ડ સીન્સને ટૂંકા કરવા અથવા દૂર કરવાની માંગ કરી છે. આ ચર્ચાઓએ જોર પકડતા એક્ટ્રેસે સ્પષ્ટતા કરી છે. તેણે આ ચર્ચાઓને ખોટી ગણાવીને છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો હતો કે, કિયારાએ યશ સાથે એક 'બોલ્ડ રોમેન્ટિક સિક્વન્સ' શૂટ કર્યો હતો. ફાઈનલ આઉટપુટ જોયા પછી, કિયારા અસ્વસ્થ થઈ ગઈ અને તેણે મેકર્સને તેને ટ્રિમ કરવાની વિનંતી કરી. હવે કિયારાએ સોશિયલ મીડિયા પર આવી જ પોસ્ટને રી-શેર કરતા લખ્યું, "બિલકુલ બકવાસ".




# હેરમ પેન્ટનું કમબેક

સિટી ન્યૂઝ@મુંબઈ

લોકો હવે આરામદાયક કપડાં એટલે કે લાઉન્જવેરને વધુ મહત્ત્વ આપી રહ્યા છે. હેરમ પૅન્ટ એવો વિકલ્પ છે જે ઘરમાં આરામ કરતી વખતે પહેરી શકાય એટલું સૉફ્ટ છે અને અચાનક કોઈ ઑફિસ-મીટિંગ આવે કે બહાર જવાનું થાય ત્યારે એ પૂરતું પ્રોફેશનલ પણ લાગે છે. હાઈબ્રિડ લાઈફસ્ટાઈલ માટે એ બેસ્ટ છે. હેરમ પેન્ટની સૌથી મોટી ખાસિયત એ છે કે એ પરંપરાગત અને મૉડર્ન સ્ટાઈલનું સુંદર મિશ્રણ છે. તમે એને ટૂંકી કુરતી અથવા લાંબા કફ્તાન સાથે પહેરીને દેશી લુક આપી શકો છો અથવા તો એને સ્ટાઈલિશ ક્રૉપ ટૉપ કે સ્લીવલેસ ટી-શર્ટ સાથે પેર કરીને વેસ્ટર્ન લુક આપી શકો છો. આ વર્સેટિલિટી એને દરેક વૉર્ડરોબની શાન બનાવે છે. ઘણી વાર અમુક પૅન્ટ માત્ર અમુક ખાસ બૉડીશેપ પર જ સારાં લાગતાં હોય છે, પણ હૅરમ પૅન્ટ સાથે એવું નથી. એ અત્યંત ફ્લોઈ અને ઢીલું હોવાથી સ્લિમ ફિગર હોય કે કર્વી, દરેક પર ખૂબ જ સુંદર લાગે છે. તમે હૅરમ પૅન્ટને કેવી રીતે સ્ટાઈલ કરો છો એના પર એનો લુક બદલાઈ જાય છે. સવારે યોગ ક્લાસમાં, બપોરે ટ્રાવેલિંગ કે કૅઝ્યુઅલ આઉટિંગમાં અને સાંજે કોઈ ફેસ્ટિવલ કે પાર્ટીમાં યોગ્ય ઍક્સેસરીઝ અને ફુટવેઅર સાથે દરેક પ્રસંગમાં ફિટ થઈ જાય છે.








### બિન-મુસ્લિમ દેશોને સપ્લાય કરશે

# કંગાળ પાકિસ્તાને 50 વર્ષ પછી ફરી દારૂ વેંચવાનું શરૂ કર્યુ

## પહેલા ઈસ્લામિક નિયમોનો હવાલો આપીને પ્રતિબંધ મૂક્યો હતો




**સિટી ન્યૂઝ@ઈસ્લામાબાદ**

દેવાથી ઝઝૂમી રહેલા પાકિસ્તાને ૫૦ વર્ષ પછી ફરીથી અન્ય દેશોને દારૂ વેચવાનું શરૂ કર્યું છે. દેશની એકમાત્ર સ્થાનિક કંપની મરી બ્રુઅરીએ એપ્રિલ ૨૦૨૬માં બ્રિટન, જાપાન, પોર્ટુગલ અને થાઈલેન્ડ જેવા દેશોને બિયર અને અન્ય આલ્કોહોલિક ડ્રિંક્સની નિકાસ કરી છે.

કંપનીના એક્સપોર્ટ મેનેજર રમીઝ શાહના જણાવ્યા અનુસાર, હાલમાં શરૂઆતમાં વિદેશોમાં નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે અને ભવિષ્યમાં ઉત્પાદન વધારવાની યોજના છે.

પાકિસ્તાનમાં મુસ્લિમ વસ્તી માટે લગભગ ૫૦ વર્ષ પહેલાં ઈસ્લામિક નિયમોનો હવાલો આપીને દારૂ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પછી દારૂની નિકાસ પણ બંધ થઈ ગઈ હતી. જોકે, પાકિસ્તાનમાં બિન-મુસ્લિમો માટે કેટલીક છૂટ હતી.

પાકિસ્તાન સરકારે ૨૦૨૫માં દારૂની નિકાસની મંજૂરી આપી હતી, જે પછી હવે તે દેશોમાં સપ્લાય શરૂ કરવામાં આવી છે જે ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનનો ભાગ નથી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાની સરકારની કમાણી અને ખર્ચ વચ્ચે મોટો તફાવત છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં સરકારની વાસ્તવિક આવક લગભગ ૧૧,૦૭૨ અબજ પાકિસ્તાની રૂપિયા (૪૦ અબજ ડોલર) છે, જ્યારે ખર્ચ ૧૬,૨૮૬ અબજ રૂપિયા (૫૮ અબજ ડોલર) સુધી પહોંચી ગયો છે. તેમાંથી લગભગ ૮,૨૦૦ અબજ રૂપિયા (૩૦ અબજ ડોલર) માત્ર દેવાના વ્યાજ ચૂકવવામાં ખર્ચ થઈ રહ્યા છે.

### મમતા બેનર્જીના કારણે તીસ્તા કરાર થઈ શક્યો નથી

# બંગાળમાં BJPની જીતથી બાંગ્લાદેશની સરકાર ખૂશ


**સિટી ન્યૂઝ@ઢાકા**



બાંગ્લાદેશની સત્તાધારી પાર્ટી BNPએ પશ્ચિમ બંગાળમાં BJP ની જીત પર ખુશી વ્યક્ત કરી છે. ન્યૂઝ એજન્સી ANI સાથે વાત કરતા BNP ના સૂચના સચિવ અઝીઝુલ બારી હેલાલે BJP ને જીતની શુભેચ્છા પાઠવી અને કહ્યું કે આનાથી ભારત-બાંગ્લાદેશ સંબંધો મજબૂત થઈ શકે છે. તેમણે મમતા બેનર્જી સરકાર પર તીસ્તા જળ વહેંચણી કરારમાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તે તેમાં સૌથી મોટી અડચણ હતી. તેમણે દાવો કર્યો કે આ કરાર બાંગ્લાદેશ સરકાર અને મોદી સરકાર બંને જ ઈચ્છતા હતા.

હેલાલે આશા વ્યક્ત કરી કે સુવેન્દુ અધિકારીના નેતૃત્વમાં બનેલી સરકાર ભારત અને બાંગ્લાદેશના સંબંધોને સુધારશે અને તીસ્તા કરારને આગળ વધારવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે ભારતના રાજ્યોમાં બાંગ્લાદેશ સાથે સૌથી લાંબી સરહદ પશ્ચિમ બંગાળની જ લાગે છે. તેથી ત્યાંની રાજનીતિની અસર સીધી બંનેના સંબંધો પર પડે છે. ત્યાં સત્તા બદલવી બંને દેશો માટે સારી છે. આનાથી બંને દેશો વચ્ચે સરહદી મુદ્દાઓ પર પણ સુધારો થઈ શકે છે.

તીસ્તા નદી હિમાલયના પાહુનરી ગ્લેશિયરમાંથી નીકળે છે. તે સિક્કિમથી પશ્ચિમ બંગાળ થઈને બાંગ્લાદેશ જાય છે અને પછી બ્રહ્મપુત્રામાં ભળી જાય છે. આ નદી કુલ ૪૧૪ કિલોમીટરનો રસ્તો કાપે છે. આ નદી સાથે બાંગ્લાદેશના ૨ કરોડ અને ભારતના ૧ કરોડ લોકોનું જીવન નિર્વાહ જોડાયેલું છે. આ લાંબી યાત્રા દરમિયાન તીસ્તા નદીની ૮૩% યાત્રા ભારતમાં અને ૧૭% યાત્રા બાંગ્લાદેશમાં થાય છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તીસ્તા નદીના પાણીની વહેંચણીને લઈને ઘણા વર્ષોથી વિવાદ છે. બાંગ્લાદેશ તિસ્તાના ૫૦ ટકા પાણી પર અધિકાર માંગે છે.



### મેલોનીએ કહ્યું ડીપફેક એક ખતરનાક વસ્તુ છે

# ઈટાલીના PM જ્યોર્જિયા મેલોનીની અશ્લીલ ડીપ ફેક તસવીર વાયરલ

**સિટી ન્યૂઝ@રોમ**

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાની અશ્લીલ ડીપફેક તસવીર પર વાંધો ઉઠાવ્યો છે. તેમણે આ તસવીર શેર કરતા લખ્યું કે, આ દિવસોમાં મારી ઘણી નકલી તસવીરો ફેલાઈ રહી છે, જેને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બનાવવામાં આવી છે અને કેટલાક લોકો તેને અસલી ગણાવીને શેર કરી રહ્યા છે. મેલોનીએ કહ્યું, 'મારે સ્વીકારવું પડશે કે જેણે આ તસવીરો બનાવી છે, તેણે કેટલાક કિસ્સાઓમાં મને વધુ સારી બતાવી છે. પરંતુ અસલી વાત એ છે કે હવે લોકો કોઈના પર હુમલો કરવા અને જૂઠ ફેલાવવા માટે કંઈ પણ કરવા લાગ્યા છે.

તેમણે કહ્યું કે આ ફક્ત મારા વિશે નથી. ડીપફેક એક ખતરનાક વસ્તુ છે, કારણ કે તે લોકોને છેતરી શકે છે, તેમને ગેરમાર્ગે દોરી શકે છે અને કોઈને પણ નિશાન બનાવી શકે છે. હું તો પોતાનો બચાવ કરી શકું છું, પરંતુ ઘણા લોકો આવું કરી શકતા નથી. મેલોનીએ લોકોને કહ્યું કે એક વાત હંમેશા યાદ રાખવી જોઈએ પહેલા તપાસ કરો, પછી ભરોસો કરો અને ભરોસો કર્યા પછી જ શેર કરો કારણ કે આજે આ મારી સાથે થઈ રહ્યું છે, કાલે આ કોઈની પણ સાથે થઈ શકે છે.




# 12 વર્ષની દીકરી પ્રેગનેન્ટ થઈ : પેરન્ટ્સે તેની ગોદભરાઈ રાખી



**સિટી ન્યૂઝ@વોશિંગ્ટન**

અમેરિકામાં બનેલી એક ઘટનાને કારણે સોશ્યલ મીડિયા પર જબરી ચર્ચા ફાટી છે. વાત ૧૨ વર્ષની એક છોકરીની છે. હજી તે ટીનેજમાં પણ નથી પ્રવેશી અને પ્રેગ્નન્ટ છે. આ ઘટના ભારતીય સમાજમાં બને તો પેરન્ટ્સ તરત જ બાળક જેવી દીકરીનું અબૉર્શન કરાવવા જ દોડે. એટલું જ નહીં, આ વાત સમાજમાં ક્યાંય જાહેર ન થાય એની તકેદારી લે. જોકે મિસિસિપીના ગ્રીનવુડમાં રહેતા એક પરિવારે ૨૭ એપ્રિલે પોતાની દીકરીની કેટલીક તસવીરો શૅર કરીને જાહેર કર્યું હતું કે તેમણે પોતાની ૧૨ વર્ષની દીકરીનું બેબી શાવર ગોઠવ્યું છે.

બેબી શાવરની સજાવટની સાથે દીકરી તેના પેરન્ટ્સ સાથે છે. બેબી શાવર કરવાનું હોય એટલે છોકરી ઑલરેડી છ-સાત મહિનાની પ્રેગ્નન્ટ હશે જ. જસ્ટ કલ્પના કરો. ૧૨ વર્ષની છોકરી ૭ મહિનાની પ્રેગ્નન્ટ છે અને પેરન્ટ્સ તેને સપોર્ટ કરી રહ્યા છે. બીજી એક તસવીરમાં આ બાળકના પિતા સાથે પણ છોકરી દેખાય છે. આ ઘટના પર દુનિયાભરના સોશ્યલ મીડિયા યુઝર્સનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. આ કોઈ પારિવારિક મામલો નથી, પરંતુ બાળકોની સુરક્ષા અને તેમના ભવિષ્ય સાથે સંકળાયેલો મુદ્દો છે.



તેનો પાર્ટનર એટલે બાળકનો પિતા છોકરી કરતાં જસ્ટ એક વર્ષ મોટો છે. સોશ્યલ મીડિયામાં આ તસવીરો વાઈરલ થતાં અમેરિકનોએ પણ આ પ્રકારની ઘટનાઓ પર પ્રશાસને ઍક્શન લેવી જોઈએ એવી ડિમાન્ડ કરી હતી. જોકે હજી સ્પષ્ટ નથી થયું કે સ્થાનિક સરકારે કે પછી ચાઈલ્ડ પ્રોટેક્શન એજન્સીઓએ આ મામલે કોઈ કાર્યવાહી કરી છે કે નહીં.



# ગોવા જતી ફ્લાઈટમાં 3-3 ગર્લફ્રેન્ડો ભેગી થતા હવામાં જ પ્રેમનો ડ્રામા !





**સિટી ન્યૂઝ@મુંબઈ**

સોશિયલ મીડિયા પર દરરોજ અનેક અવનવા અને ચોંકાવનારા વિડીયો વાયરલ થતા હોય છે. હાલમાં ઈન્ટરનેટ પર પ્લેનની અંદર બનેલી એક ઘટનાનો વિડીયો ભારે ચર્ચાનો વિષય બન્યો છે. ગોવા જવાની તૈયારી કરી રહેલા એક યુવકનો ભાંડો ફ્લાઈટમાં જ ફૂટી ગયો હતો, જેને કારણે પ્લેનમાં ભારે હોબાળો મચી ગયો હતો.

સામે આવેલા આ વિડીયોમાં જોઈ શકાય છે કે, ફ્લાઈટની અંદર એક યુવક અને એક યુવતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ રહી છે. મામલો એટલો ગરમાઈ જાય છે કે ફ્લાઈટ ઍટેન્ડન્ટ (એર હોસ્ટેસ) વારંવાર બંનેને શાંત પાડવા વચ્ચે પડે છે અને હાથ જોડીને વિનંતી કરે છે કે તેઓ શાંતિ જાળવે. એર હોસ્ટેસ તેમને સમજાવે છે કે આ તેમની અંગત બાબત છે, તેને જાહેરમાં ન લાવો. છતાં યુવક ખૂબ જ ગુસ્સામાં દેખાઈ રહ્યો છે અને બૂમાબૂમ કરી રહ્યો છે.

આ યુવક ગોવા જઈ રહ્યો હતો અને ત્યાં જ તેની પોલ ખુલી ગઈ. ચોંકાવનારી વાત એ છે કે આ યુવક એક નહીં પણ ત્રણ-ત્રણ ગર્લફ્રેન્ડ ધરાવતો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. યુવતી ફ્લાઈટમાં જ તેને રંગેહાથ પકડી પાડે છે અને તેનો ખુલાસો માંગે છે, જેના જવાબમાં યુવક બચાવ કરવાને બદલે સામો ગુસ્સો કરે છે. આ હાઈવોલ્ટેજ ડ્રામાની હદ તો ત્યારે પાર થાય છે જ્યારે યુવક એર હોસ્ટેસને કહે છે કે તે આ યુવતીને ઓળખતો જ નથી. તે કહે છે, “આ કોઈ પેસેન્જર મારી સાથે ગેરવર્તન કરી રહી છે, આને અહીથી ભગાડો.” એટલું જ નહીં, તે ગુસ્સામાં યુવતી માટે અભદ્ર ભાષાનો પ્રયોગ કરતા તેને “કાળા કલરનું ખરબૂચું” કહીને અપમાનિત કરે છે અને બ્રેકઅપ કરવાની વાત કરે છે.

## ઉદયપૂર સુખડિયા યુનિવર્સિટીની ઘટના

# એક ખિસકોલી 18 વિદ્યાર્થીઓને કરડી




**સિટી ન્યૂઝ@ઉદયપુર**

ઉદયપુરની મોહનલાલ સુખડિયા યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીમાં એક ખિસકોલીનો ખોફ વધી ગયો છે. છેલ્લા એક મહિનામાં આ ખિસકોલી ૧૮થી વધુ લોકોને કરડી છે. એને કારણે વિદ્યાર્થીઓ હવે કૉલેજના કમ્પાઉન્ડમાં ખુલ્લામાં બેસતાં ડરે છે. એક ખિસકોલી કૅમ્પસમાં આવતા-જતા લોકો પર અચાનક જ હુમલો કરી દે છે. ક્યારેક તો ક્લાસરૂમમાં ઘૂસી જાય છે તો ક્યારેક પ્રિન્સિપાલ અને ટીચર્સની ઑફિસમાં પણ જતી રહે છે. ખિસકોલીના કરડવાને કારણે સ્ટુડન્ટ્સે ઍન્ટિ-રૅબીઝનું ઇન્જેક્શન પણ લગાવવું પડ્યું છે. આ ખિસકોલી એટલી ચપળ છે કે ઍનિમલ રેસ્ક્યુ ટીમે કલાકો સુધી મહેનત કરી છતાં તેમના હાથમાં નહોતી આવી. ખિસકોલી અચાનક જ દોડતી આવે છે અને કૂદીને લોકો પર ચડી જાય છે. કરડવાની આદતવાળી એક ખિસકોલીએ આખા કૅમ્પસને માથે લીધું છે. ખિસકોલીના કરડવાથી સંક્રમણ ન ફેલાય તે માટે હુમલાનો શિકાર બનેલા તમામ સ્ટુડન્ટ્સે ફરજિયાતપણે એન્ટી-રેબીઝનાં ઈન્જેક્શન લેવાની નોબત આવી છે. સ્થિતિ વણસતા એનિમલ રેસ્ક્યુ ટીમને પણ બોલાવવામાં આવી હતી.



### આર્ટ્સ ફેકલ્ટીમાં ખુલ્લામાં બેસતા ડરે છે વિદ્યાર્થીઓ, એન્ટી-રેબીઝ ઈન્જેક્શન લેવા પડ્યા હતા

# મહિલાને ઘોડી બનીને જીવવામાં વધુ મજા પડે છે

## ઘોડીની જેમ ચહેરા પર માસ્ક પહેરીને ખૂલ્લા મેદાનમાં ચાર પગે ચાલીને ઘોડાની જેમ હણહણાટી કરવાની શીખી ગઈ



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

તાજેતરમાં અજીબોગરીબ કિસ્સાઓ ઉજાગર કરતી એક ડૉક્યુમેન્ટરી ચૅનલના રિયલિટી શો 'માય સ્ટ્રેન્જ ઍડિક્શન'માં ૩૧ વર્ષનાં એક બહેન જોવા મળ્યાં હતાં. નાનપણથી જ તેમને ઘોડા બહુ જ ગમતા હતા. તેમના ઘરમાં તબેલો પણ હતો અને તેમના પરિવારમાં ઘોડા પાળવાનું કામ થતું હતું. જોકે આ બહેનનો ઘોડાઓ પ્રત્યેનો લગાવ ત્યારે ચર્ચાનો વિષય બની ગયો જ્યારે બહેન ખુદને ઘોડી સમજવામાં વધુ કમ્ફર્ટેબલ થઈ ગયાં.મહિલાનું કહેવું છે કે તે ઘોડીની જેમ ચહેરા પર માસ્ક જેવું પહેરીને ખુલ્લા મેદાનમાં ફરે છે અને તે ૪ પગે ચાલીને ઘોડાની જેમ હણહણાટી કરવાનું પણ શીખી ગઈ છે. હજી તેને ઘોડાની જેમ બરાબર ૪ પગે ચાલતાં અને દોડતાં નથી ફાવતું, પણ બહેન એ શીખવાનો સહૃદય પ્રયત્ન કરી રહ્યાં છે. આ ડૉક્યુમેન્ટરીમાં બહેન કહે છે, 'હું માણસ નથી, હું ઘોડી છું. મને ઘોડાની દુનિયામાં રહેવું જ બહુ ગમે છે. હું તો મારા પાર્ટનર અને દોસ્તોને પણ ઘોડાની જેમ વર્તન કરવા કહું છું.'પરિવારજનોને શરૂઆતમાં લાગતું હતું કે આ તેનો એક શોખ છે, પણ જેમ-જેમ વર્ષો વીતી રહ્યાં છે એમ આ બહેનનું ઘોડી બનીને જીવવાનું ઝનૂન વણસી રહ્યું છે એનાથી તેઓ પણ ચિંતિત થઈ ગયા છે. ઘોડાઓ સાથે જ તે સમય વિતાવે છે. તેમણે સાઇકોલૉજિસ્ટ્સને કન્સલ્ટ કર્યા છે, પણ આ બહેન ડાયરેક્ટ કન્સલ્ટેશન માટે તૈયાર નથી. નિષ્ણાતોનું કહેવું છે કે આ ઇક્વાઇન આઇડેન્ટિટી જેવી દુર્લભ માનસિક સ્થિતિ હોઈ શકે છે તો કેટલાકનું કહેવું છે કે આ ઇમ્પલ્સ કન્ટ્રોલ ડિસઑર્ડર હોઈ શકે છે જે ગંભીર તબક્કે પહોંચી ગયો છે.



### લકઝરી કાર માર્કેટમાં ધમાકોઃ રેન્જ રોવર સ્પોર્ટ્સ મોડેલ પણ 40 લાખ સસ્તી

# રેન્જ રોવર SV સસ્તી થઈ ભાવમાં 75 લાખનો ઘટાડો

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

જગુઆર લેન્ડ રોવર (JLR) ઈન્ડિયાએ બ્રિટનથી ઈમ્પોર્ટ થતી તેની સૌથી પ્રીમિયમ SUV 'રેન્જ રોવર SV'ની કિંમત ૭૫ લાખ રૂપિયા ઘટાડી દીધી છે, જેના પછી હવે તેની એક્સ-શોરૂમ કિંમત ૩.૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. પહેલા તેની કિંમત ૪.૨૫ કરોડ રૂપિયા હતી.આ ઘટાડો ભારત અને બ્રિટન વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લાગુ થતા પહેલા કરવામાં આવ્યો છે. કંપનીએ રેન્જ રોવર સ્પોર્ટ SV એડિશન ટુની કિંમતમાં પણ ૪૦ લાખ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જે હવે ૨.૩૫ કરોડ રૂપિયામાં મળશે. નવી કિંમતો તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવી છે.૨૭ જાન્યુઆરીના રોજ PM મોદી, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેનની હાજરીમાં ભારત-EU FTA પર હસ્તાક્ષર થયા.



## કિંમતોમાં ફેરફારની 3 વાતો

- સતત બીજી કપાતઃ GST ૨.૦ સુધારા પછી સપ્ટેમ્બર ૨૦૨૫માં પણ કિંમતોમાં ૩૦.૪ લાખ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. એક વર્ષની અંદર આ બીજો મોટો ફેરફાર છે.
- પેઈન્ટ સ્કીમમાં અપડેટઃ રેન્જ રોવર SVમાં હવે અલ્ટ્રા મેટાલિક પેઈન્ટ (ગ્લોસ અને સેટિન ફિનિશ) સ્ટાન્ડર્ડ તરીકે મળશે.
- નવું વેરિઅન્ટ ટૂંક સમયમાંઃ સૂત્રો અનુસાર, કંપની ટૂંક સમયમાં રેન્જ રોવર સ્પોર્ટનું એક નવું સ્ટાન્ડર્ડ SV વેરિઅન્ટ પણ લાવશે, જેની કિંમત આશરે ૨.૦૫ કરોડ રૂપિયા હશે.



### 5 કન્વર્ટિબલના 62 લાખ ભાવ

# મિની કૂપરનું કારનું સ્પે.એડિશન લોન્ચ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

લકઝરી કાર મેકર મિનીએ ભારતમાં તેની નવી 'કૂપર S કન્વર્ટિબલ JCW પેક' લોન્ચ કરી દીધી છે. કંપનીનો દાવો છે કે કાર માત્ર ૬.૯ સેકન્ડમાં ૧૦૦ની સ્પીડ પકડી શકે છે. તેની એક્સ-શોરૂમ કિંમત ૬૧.૫૦ લાખ રૂપિયા રાખવામાં આવી છે.કાર કમ્પ્લીટ બિલ્ટ યુનિટ (CBU) તરીકે ઈમ્પોર્ટ કરીને વેચવામાં આવશે. તેની લિમિટેડ યુનિટ્સ જ ભારતમાં આવશે. આ નવા પેકમાં સ્ટાન્ડર્ડ મોડેલની સરખામણીમાં માત્ર કોસ્મેટિક ફેરફારો જોવા મળશે, મિકેનિકલી કોઈ ફેરફાર નથી. કારનું બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે અને હવે તેની ડિલિવરી પણ શરૂ થઈ ગઈ છે. આ એવા લોકો માટે એક ખાસ ઓપ્શન છે, જે ઓપન-ટોપ ડ્રાઈવિંગ સાથે સ્પોર્ટી લુક પસંદ કરે છે. JCW પેક મળ્યા પછી આ કન્વર્ટિબલ કારનો લુક ઘણો આક્રમક બની ગયો છે. કારમાં બે એક્સક્લુઝિવ પેઈન્ટ શેડ્સ - 'મિડનાઈટ બ્લેક' અને 'લેજન્ડ ગ્રે' આપવામાં આવ્યા છે. લેજન્ડ ગ્રે કલરમાં બોનેટ પર સ્ટ્રાઈપ્સ (પટ્ટીઓ) પણ મળે છે. કારની ફ્રન્ટ ગ્રિલ, ORVM, ડોર હેન્ડલ, વ્હીલ આર્ચ અને બમ્પર પર ગ્લોસ-બ્લેક ફિનિશ આપવામાં આવી છે.


### 25-25 લિટરના 2 સિલિન્ડર આપતી દેશની પહેલી કાર

# નિશાન ગ્રેવાઈટમાં CNG ધમાકો 7 સીટર સાથે રેટ્રોફિટ કિટ લોન્ચ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

નિસાન ઈન્ડિયાએ ૪ મેના રોજ તેની કોમ્પેક્ટ MPV 'ગ્રેવાઈટ' માટે રેટ્રોફિટ CNG કિટ લોન્ચ કરી છે. તેની શરૂઆતની કિંમત ૮૨,૯૯૯ રૂપિયા છે. ગ્રાહકો કોઈપણ ઓફિશિયલ નિસાન ડીલરશીપ પર જઈને પોતાની કારમાં તેને ઈન્સ્ટોલ કરાવી શકે છે.કંપનીનો દાવો છે કે, આ કિટ ICAT દ્વારા માન્ય છે. તેને મોટોજેન દ્વારા વિકસાવવામાં આવી છે. કંપની આ કિટના પાર્ટ્સ પર ૩ વર્ષ અથવા ૧ લાખ કિલોમીટરની થર્ડ-પાર્ટી વોરંટી પણ આપી રહી છે. 'નિસાન ગ્રેવાઈટ'ની એક્સ-શોરૂમ કિંમત ૫.૬૫ લાખથી ૮.૯૩ લાખ રૂપિયાની વચ્ચે છે.'નિસાન ગ્રેવાઈટ' ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ભારતમાં લોન્ચ થઈ હતી. 'નિસાન ગ્રેવાઈટ' ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ભારતમાં લોન્ચ થઈ હતી.

૨૫-૨૫ લિટરના બે સિલિન્ડર, બૂટ સ્પેસ નહીં મળેગ્રેવાઈટ CNG કિટની સૌથી મોટી ખાસિયત તેનું 'ટ્વીન ટેન્ક' સેટઅપ છે. તેમાં ૨૫-૨૫ લિટરના બે CNG ટેન્ક આપવામાં આવ્યા છે, જેને એક ઉપર એક રાખવામાં આવ્યા છે. જોકે, બંને ટેન્કના કારણે કારનો બૂટ સ્પેસ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે, પરંતુ તેની ૭-સીટર ક્ષમતા યથાવત રહેશે.



## શાપરમાં ચોરીનો ખેલ : પાણી, વીજળી બાદ હવે ગેસની ચોરી ખૂલ્લી

# ઉદ્યોગપતિ ચોર : 44 લાખના ગેસની ચોરી કરી




» **ગુજરાત ગેસની જાણ બહાર પાઈપલાઈનમાં હોલ પાડી એક વર્ષથી મફત્તનો ગેસ વાપરતા હતા**

» **મેસર્સ ઈટર્નલ ફૂડ પ્રોડક્ટના દિવેન વિઠ્ઠલ ઠુમર, પરેશ લાખા ઠૂંમરનું જબરૂ કારસ્તાન ખૂલ્યું**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શાપર અને વેરાવળના ઔદ્યોગિક ઝોન વિસ્તારમાં અગાઉ સરકારી જમીન પર દબાણ, પાણી ચોરી અને મોટા પાયે વીજળી ચોરી જેવી ગંભીર ઘટનાઓમાં શ્રીમંત ઉદ્યોગપતિઓના નામ ખુલતા ખુદ સરકારી તંત્રમાં ભારે આશ્ચર્ય અને રોષ ફેલાયો છે. ત્યારે હવે આ ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધુ એક અધ્યાય ઉમેરાયો છે. શાપરની ઈટર્નલ ફુડ પ્રોડક્ટના સંચાલકો દ્વારા આર્થિક ફાયદા માટે ગેરકાયદેસર રીતે અત્યંત દબાણવાળી મુખ્ય ગેસ પાઈપ લાઈનમાં હોલ પાડીને જીવલેણ જોખમ ઊભું કરવામાં આવ્યું હતું. કોઈપણ મોટી દુર્ઘટના કે પ્રચંડ વિસ્ફોટની દહેશતની પરવા કર્યા વિના, માત્ર નફાખોરી માટે છેલ્લા ૧ વર્ષથી ૪૪.૫૨ લાખની જંગી ગેસ ચોરી કરી હોવાનું મોટું કારસ્તાન ખુલતા સમગ્ર ઔદ્યોગિક જગતમાં ચકચાર મચી જવા પામી છે. આસપાસના કારખાનાના શ્રમિકોના જીવ પણ આ કૃત્યથી જોખમમાં મુકાયા હતા.

રાજકોટમાં રામેશ્વર પાર્ક બ્લોક નં. ૯૩ માં રહેતા અને ગુજરાત ગેસ લિમિટેડ કંપનીમાં છેલ્લા ૧૪ વર્ષથી ફરજ બજાવતા એન્જિનિયર ભાવસિંહ ડોડીયાએ (ઉ.વ. ૩૭) આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ૧૩ એપ્રિલના રોજ ડેપ્યુટી મેનેજર મુકેશ બલદાણીયાએ શાપર વેરાવળમાં વૈદાતિ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આવેલ ઈટર્નલ ફુડ પ્રોડક્ટ નામના કારખાનામાં ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન સંચાલકો દ્વારા મુખ્ય પાઈપ લાઈનમાંથી ગેરકાયદેસર રીતે હોલ કરી, પાઈપ લાઈનમાં બગાડ કરીને કંપનીની જાણ બહાર બીજુ નવું કનેક્શન લઈ ગેસ વાપરતા હોવાનું પકડાયું હતું.

ગુજરાત ગેસ કંપની દ્વારા રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે કુલ ૫૬૬ એક્ટિવ ગ્રાહકોને કનેક્શન અપાયા છે. ઈટર્નલ ફૂડમાં ગેસ ચોરીના ચેકિંગ વખતે પરેશ ઠુંમર તથા કાજલ મેઘનાથી હાજર મળ્યા હતા. જેમણે આ ગેરકાયદેસર કનેક્શન બાબતે કબૂલાત આપી હતી. તપાસ કરતા આ કંપની દ્વારા છેલ્લા ૧ વર્ષમાં અંદાજે ૬૪૩૪૩ યુનિટ ગેસ ગેરકાયદેસર રીતે વાપર્યો હોવાનું ખૂલ્યું છે, જેની અંદાજિત કિંમત રૂ. ૪૪,૫૨,૯૫૧ થાય છે. આ બનાવ અંગે સંચાલક દિપેન ઠુમર, પરેશ ઠૂંમર અને કાજલ મેઘનાથી સામે શાપર પોલીસે પેટ્રોલિયમ અને મિનરલ્સ પાઈપલાઈન્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

### 5 મહિના પૂર્વે ઈથર કોર્પોરેશન પણ લાખોનો ગેસ હજમ કરી ગયું

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ પણ શાપર વેરાવળમાં ગુજરાત ગેસની પાઈપલાઈન તોડી ૪૫ લાખ રૂપિયાના ગેસની ચોરી કરવાનું આવું જ કૌભાંડ સામે આવ્યું હતું. આ મામલે શાપર પોલીસ મથકમાં ઈથર કોર્પોરેશનના સંચાલકો કિશન ભાલોડીયા, જય સભાયા, દિનેશચંદ્ર સભાયા, સેજલ અને ધરમશી ભાલોડિયા સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. ડેપ્યુટી મેનેજર મુકેશ બલદાણીયા (ઉ.વ. ૩૮) ની ફરિયાદ મુજબ આરોપીઓએ પાઈપલાઈનને નુકસાન પહોંચાડી ૪૫ લાખ રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું, જેની તપાસ પણ ચાલી રહી છે.

# જે વાતની ગોપાલને બીક લાગતી હતી, પોલીસ અધિકારીએ તે જ વાત કરવાની શરૂ કરી




ગોપાલને લોકઅપમાંથી બહાર કાઢ્યો ત્યારે તેણે આખાં પોલીસ સ્ટેશનમાં જોયું. તેને લેવા આવેલા પોલીસવાળા સિવાય કોઈનું ધ્યાન તેની તરફ નહોતું. એક ક્ષણ તો ગોપાલને લાગ્યું કે, લોકઅપ પાસે ઊભા રહેલા પોલીસવાળાને ધક્કો મારી ભાગી જાઉં. પણ તે એવું કરી શક્યો નહીં. પોલીસે તેની કમરના ભાગેથી પેન્ટ પકડીને તેને લઈ ચાલવાનું શરૂ કર્યું. તે પોલીસ સ્ટેશનની બહાર આવ્યો, બહાર નીકળી તેને ડાબી તરફ લઈ જવામાં આવ્યો. બાજુમાં આસરે વીસ ફૂટની ઑફિસ હતી. તેની બહાર કોઈ અધિકારી ખાનગી કપડામાં ખુરશી નાખીને બેઠા હતા. તેમની આજુબાજુ બે પોલીસવાળા ઊભા રહી ફાઈલમાંથી કંઈક સમજાવી રહ્યા હતા. કોઈ પોલીસવાળાએ યુનિફૉર્મ પહેર્યો નહોતો. ગોપાલનું ધ્યાન ઑફિસના દરવાજા ઉપર લાગેલા બોર્ડ પર ગયું. ત્યાં લખ્યું હતું, “પાલનપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કવોડ” પોલીસ સ્ટેશન મેઈન રોડ ઉપર હોવા છતાં હવે ટ્રાફિક ખાસ્સો ઓછો થઈ ગયો હતો. રસ્તા ઉપરની શાંતિ પણ ગોપાલને ડરામણી લાગતી હતી. જે પોલીસવાળો ગોપાલને લઈ આવ્યો હતો; તે ખુરશીમાં બેઠેલા અધિકારી સામે ઊભો રહ્યો, અધિકારી હજી પેલા બે પોલીસવાળા સાથે જ ચર્ચા કરી રહ્યા હતા. અધિકારીએ ફાઇલ પાછી આપતા પેલા પોલીસવાળાઓને સૂચના આપી, “જુઓ, ચાર્જશીટ ટાઇમસર કરી દેજો નહીંતર આરોપી ડીફોલ્ટ બેઈલની માગણી કરશે.” પોલીસવાળાએ ફાઇલ પાછી લઈ સાવધાનની પોઝિશનમાં બંને હાથ પાછળ ખેંચી “સર” એટલું જ કહ્યું. પોલીસ અધિકારીનું ધ્યાન ગોપાલ તરફ ગયું. પહેલાં તો તેમણે ગોપાલને ઉપરથી નીચે સુધી જોયો. અધિકારીની નજર જાણે એક્સરે લઈ રહી હોય તેવી તીક્ષ્ણ હતી. અધિકારી કંઈ પૂછે તે પહેલાં ગોપાલને પકડીને ઊભા રહેલા પોલીસવાળાએ કહ્યું, “સર જુમ્મનના અડ્ડે પકડાયો છે, ૧૦૦ રૂપિયાની બનાવટી નોટો સાથે.” તે આગળ કંઈ બોલે તે પહેલાં જે આધેડ પોલીસવાળાએ તેને પકડ્યો હતો તેણે ૧૦૦ રૂપિયાની બનાવટી નોટો અધિકારીના હાથમાં મૂકી. જે ગોપાલના પાકીટમાંથી મળી આવી હતી.અધિકારી એક પછી એક નોટ જોવા લાગ્યા. પહેલાં નોટનો કાગળ કેટલો જાડો છે તેનો અંદાજ મેળવવાનો પ્રયત્ન કર્યો. પછી નોટ ઊંચી કરી લાઇટના પ્રકાશમાં તે અસલી સાથે કેટલી મળતી આવે છે તે જોવાનો પ્રયત્ન કર્યો. ત્યારબાદ પોતાના પાકિટમાં રહેલી સો રૂપિયાની એક નોટ કાઢી બનાવટી નોટ સાથે મીલાવી જોઈ. આ વખતે ગોપાલની માનસિક સ્થિતિ બહુ વિચિત્ર હતી. જાણે તેનો શ્વાસ રુંધાઈ જશે તેવો ડર તેને લાગી રહ્યો હતો. ગોપાલ પાસે પકડાયેલી નોટોના નિરીક્ષણ પછી ખુરશીમાં બેઠેલા પોલીસ અધિકારીએ ફરી ગોપાલ સામે જોયું. કરડાઈથી પૂછ્યું, “નામ?”

ગોપાલે જવાબ આપ્યો, “ગોપાલ.”

અધિકારીના મોઢામાંથી મો......ટી ગાળ નીકળી; તે ધ્રુજી ગયો. અધિકારીએ અવાજ મોટો કરીને પૂછ્યું “આખું નામ?”

“ગોપાલ અમૃતલાલ પંચાલ”

“ક્યાં રહે છે?”

“નંદન સોસાયટી, માલવ તળાવ પાસે.”

“ઉંમર?”

“૨૩.”

“કયાં સુધી ભણેલો છે?”


“એસએસસી.”

આમ એક પછી એક સવાલ થયા અને ગોપાલ જવાબ આપતો ગયો. અધિકારીના ચહેરા પર ઠંડક હતી; પણ તેના અવાજમાં રૂક્ષતા હતી. અધિકારીએ જમણા હાથની પહેલી આંગળીથી ઇશારો કરીને કહ્યું, “નીચે બેસ.” એટલે ગોપાલની પાછળ ઊભા રહેલા પોલીસવાળાએ પેન્ટ છોડી દીધું અને ગોપાલ ખુરશી સામે ઉભડક પગે બેસી ગયો. હવે ગોપાલને પોલીસ અધિકારી સામે જોવા માટે નજર અને ડોક બંને ઉપર રાખવા પડતા હતા. અધિકારી ખુરશીમાંથી થોડા આગળ આવ્યા, હવે ગોપાલ અને અધિકારી વચ્ચે માંડ દોઢ ફૂટનું અંતર હતું. અધિકારીએ પહેલાં કરતાં ધીમા અવાજે પૂછ્યું “બોલ, આ નોટો ક્યાંથી લાવ્યો છે?”

ગોપાલે જવાબ ગોખી રાખ્યો હતો. તેણે અધિકારી સામે હાથ જોડતાં કહ્યું, “સાહેબ હું કંઈ જાણતો નથી.”

ગોપાલનું આ વાક્ય પૂરું થાય તે પહેલાં તો પોલીસ અધિકારી ખુરશીમાં થોડા પાછા ખસ્યા અને જમણા પગથી જોરથી એક લાત મારી. ગોપાલ આ સ્થિતિ માટે તૈયાર નહોતો. તેને લાત વાગતાં જ તે એકદમ ઊંધા માથે પડ્યો અને તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. ગોપાલ પડી જતા, બાજુમાં ઊભા રહેલા પોલીસવાળાએ તરત તેનો કોલર પકડીને ગાળ બોલતાં કહ્યું, “ચાલ ઊઠ, નાટકીયા.” ગોપાલ ખૂબ ડરી ગયો હતો. લાત એટલી મજબૂત હતી કે, તેના પગનો નળો દુખવા લાગ્યો. સવારે અડ્ડા પર માર પડ્યો ને હવે આ સાહેબનો. ગોપાલ રડવા લાગ્યો. ફરી તે ઉભડક પગે અધિકારી સામે બેઠો. અધિકારી કંઈ પૂછે તે પહેલાં જ ગોપાલે કહ્યું, “સાહેબ સાચું કહું છું, મને આ નોટ બનાવટી છે તેની ખબર જ નહોતી. ગઈકાલે જુમ્મનના અડ્ડે જ આ પૈસા જીત્યો હતો. આજે ફરી રમવા ગયો તો ત્યાં મને ખૂબ માર્યો.”

પોલીસ અધિકારીએ આધેડ પોલીસવાળા સામે જોયું. ગોપાલ પોતાની નિર્દોષતા


પ્રશાંત દયાળ

સાબિત કરી રહ્યો હતો. સાથે સાથે બપોરે અડ્ડા ઉપર તેને કારણ વગર માર પડ્યો છે. તેમ જણાવીને અધિકારી પાસેથી દયા મેળવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ગોપાલની વાત સાંભળતા જ પેલા આધેડ પોલીસવાળાનો પારો છટક્યો. જેણે સવારે લોકોના મારથી બચાવ્યો હતો, તે જ પોલીસવાળો એકદમ ગોપાલ તરફ ધસી આવ્યો અને ગોપાલને બે લાફા ઝીંકી દેતાં ગાળ બોલીને કહ્યું, “આ નોટો તું અડ્ડા ઉપર જીત્યો હતો? ગઈકાલે તો તું એક હજાર જ જીત્યો હતો! આ તો ચાર હજાર છે. બાકીના ત્રણ હજાર ક્યાંથી લાવ્યો?”ગોપાલને પોલીસનાં હોમવર્કની ખબર નહોતી. કારણ કે આ તેનો પહેલો અનુભવ હતો. ગોપાલને લાગ્યું કે, તે પકડાઈ ગયો. કારણ કે આધેડ પોલીસવાળો જે કહી રહ્યો હતો; તે વાત સાચી હતી. ગઈકાલે તો તે એક હજાર જ જીત્યો હતો. પણ તેના પાકીટમાંથી ૧૦૦-૧૦૦ની ચાલીસ બનાવટી નોટો મળી હતી. ગોપાલ પાસે હવે ગુનો કબૂલ કરી લેવા સિવાય કોઈ રસ્તો નહોતો. પણ હજી ગોપાલનું મન તેને ના પાડી રહ્યું હતું. અને શરીર જાણે માર માટે તૈયાર હોય, તેવું લાગી રહ્યું હતું. ગોપાલે કહ્યું, “ખરેખર સાહેબ, મારી વાત માનો.” આ સાંભળીને ફરી પેલો આધેડ પોલીસવાળો મારવા જતો હતો. પણ ખુરશીમાં બેઠેલા અધિકારીએ તેને હાથનો સ્પર્શ કરીને રોક્યો. ગોપાલ તરફ આગળ વધતાં પૂછ્યું, “ઘરમાં કોણ કોણ છે? પપ્પા શું કરે છે?” વગેરે.આમ ગોપાલ પાસે ઘરની, નિશીની અને દુકાનની તમામ વિગતો જાણી લીધી. ફરી ધીમા અવાજે કહ્યું, “તારા ઘરે તારા વિશે ખબર પડશે ત્યારે તેમની સ્થિતિ શું થશે! તેની ખબર છે?”ગોપાલ રડતો અને આંખો લૂંછતો જતો હતો. તેને જે વાતનો ડર લાગી રહ્યો હતો; તે જ વાત પોલીસ અધિકારી કરી રહ્યા હતા. પોલીસ અધિકારીએ બધી વાત કરી; પછી એકદમ શાંત થઈ ગયા. ગોપાલને લાગ્યું કે, સાહેબને તેની દયા આવી છે. પણ તેનો એવો ભ્રમ ખોટો પડ્યો. અધિકારીએ શાંત રહ્યા પછી પૂછ્યું “બોલ, સાચુ બોલીશ?”

ગોપાલે જવાબ આપ્યો, “સાચું જ બોલુ છું.”પોલીસ અધિકારીએ બાજુમાં ઊભા રહેલા પોલીસવાળા સામે જોયું. તે સમજી ગયો કે, સાહેબ શું ઇચ્છે છે. તે ઑફિસમાં ગયો અને એક લાઠી લઈને બહાર આવ્યો. સાહેબ ખુરશીમાંથી ઊભા થયા. તેની સાથે બે પોલીસવાળાએ ગોપાલને પણ ઊભો કર્યો. બંને પોલીસવાળાએ તેનો હાથ કાંડેથી પકડ્યો. ગોપાલને કંઈ સમજાયું નહીં; પણ સમજતા વાર પણ ન લાગી. પોલીસવાળા તેને બાજુમાં લીમડાના ઝાડ પાસે લઈ ગયા. ગોપાલનું મોઢું અને છાતી ઝાડના થડ તરફ રહે તે રીતે ગોપાલને ઊભો રાખ્યો. પછી ઝાડની બંને તરફ ગોપાલના હાથ ખેંચી રાખ્યા. ગોપાલ કંઈ સમજે અને આનાકાની કરે; તે પહેલાં પોલીસ અધિકારીની લાઠી એક પછી એક ગોપાલની પીઠ ઉપર વરસવા લાગી. ગોપાલની ચીસો જાણે લીમડાના જાડા થડને હચમચાવી મૂકશે તેવું લાગ્યું. જોકે આ લીમડો વર્ષોથી આવી અનેક ઘટનાઓનો સાક્ષી રહ્યો છે. તેને કોઈ જ ફેર પડતો નહોતો.(ક્રમશઃ)

# સસ્તા સોલારના નામે છેતરપિંડી રાજકોટમાં 101મી ફરિયાદ

**» ફેસબુક પર સસ્તા સોલારની જાહેરાત જોઈ કોઠારિયાના યુવાને ૧.૫૦ લાખ ગુમાવ્યા**

**» લોન પાસ કરાવી ખાતામાંથી પૈસા અને હપ્તા પણ કાપી લીધા**

**» જામનગરમાં ૧૦૦ થી વધુ ગુના આચરનાર ટોળકી સામે આજીડેમ પોલીસમાં ગુનો**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બજાર ભાવ કરતા સસ્તામાં સોલાર પેનલ નાખી આપવાની લોભામણી જાહેરાતો મૂકી લોકોના પરસેવાની કમાણી લૂંટતી ટોળકી સામે વધુ એક ફરિયાદ રાજકોટમાં નોંધાઈ છે. જામનગરમાં ૧૦૦ થી વધુ લોકોને શિકાર બનાવનાર આ ભેજાબાજ ટોળકી વિરુદ્ધ હવે રાજકોટના આજીડેમ પોલીસ મથકમાં ૧૦૧ મો ગુનો નોંધવામાં આવ્યો છે.

રાજકોટના કોઠારીયા રોડ પર ખોડલધામ સોસાયટીમાં રહેતા અને મજૂરી કામ કરતા નિતેશ બાબુ પીઠવા (ઉ.વ. ૪૪) એ નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ, ઓક્ટોબર ૨૦૨૫ માં તેમણે ફેસબુક પર 'ઇન્ટીફાય સોલાર પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપનીની જાહેરાત જોઈ હતી. આ જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક કરતા ધીરજ નામના શખ્સે સસ્તા ભાવે સોલાર પેનલ બેસાડી આપવાની ખાતરી આપી ૧.૪૮ લાખનું કોટેશન મોકલી આપ્યું હતું.

નિતેશે લોન લેવાની ઈચ્છા દર્શાવતા આરોપીઓએ બજાજ ફાયનાન્સના નામે ફોન કરી જરૂરી દસ્તાવેજો મેળવી લીધા હતા. ત્યારબાદ આરોપીઓએ જણાવ્યું કે ૧,૩૧,૦૦૦ ની લોન મંજૂર થઈ છે અને તે કંપનીના ખાતામાં જમા થઈ ગઈ છે. બાકીના ૧૬,૦૦૦ નિતેશ પાસેથી ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. પૈસા મળી ગયા બાદ પેનલ ફિટ કરવા માટે વારંવાર વાયદા કરવામાં આવ્યા. આ દરમિયાન નિતેશના બેંક ખાતામાંથી લોનના બે હપ્તા પણ કપાઈ ગયા, છતાં કોઈ કામ થયું નહીં અને ફોન બંધ થઈ ગયા હતા.

જ્યારે બજાજ ફાયનાન્સના કર્મચારીઓ ઘરે તપાસ કરવા આવ્યા ત્યારે ખબર પડી કે ત્યાં કોઈ પેનલ લાગી જ નથી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ કંપનીના માલિકો કાના મેરામ બદીયાવદરા, હિરેન નાથા લાઠીયા અને ચેતન પાણખાનીયા છે. ૪ મહિના પહેલા જામનગર સાયબર ક્રાઈમ પોલીસે આ જ ટોળકીના હિરેન લાઠીયા, ચેતન પાણખાણીયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી હતી. તે સમયે પોલીસ તપાસમાં આ ટોળકીએ ૧૦૦ થી વધુ લોકો સાથે સોલાર પેનલના નામે કરોડોની છેતરપિંડી કરી હોવાની કબૂલાત આપી હતી. હાલ આજીડેમ પોલીસ મથકના પીઆઈ એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ એસ. જે. ચૌહાણે ધીરજ, કાના, હિરેન અને ચેતન વિરુદ્ધ ગુનો નોંધી આગળની સઘન તપાસ હાથ ધરી છે.



### 6 થી 10 મે સુધી તમામ નિકાયોમાં સમીક્ષા બેઠક યોજાશે

# ચૂંટણી પરિણામો બાદ ગુજરાતમાં આમ આદમી પાર્ટી નું મેગા મંથન

» પદાધિકારીઓ–કાર્યકરોના સૂચનો મુજબ આગામી રણનીતિ તૈયાર થશે
» ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે લેવાશે કડક પગલાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આમ આદમી પાર્ટી (AAP) દ્વારા તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે સમગ્ર ગુજરાતમાં મેગા સમીક્ષા બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. AAP ના પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલાએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, ૬ મેથી ૧૦ મે સુધી રાજ્યભરમાં આ મંથન ચાલશે, જેમાં હાર-જીતના કારણોની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવશે.

ગુજરાતની તમામ નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં આ સમીક્ષા બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રદેશ કક્ષાના નેતાઓ, સ્થાનિક પદાધિકારીઓ અને જમીની સ્તરના કાર્યકર્તાઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહેશે. દરેક વિસ્તારના ચૂંટણી પરિણામોનું બારીકાઈથી પોસ્ટમોર્ટમ કરી આગામી સમય માટેનું માળખું તૈયાર કરવામાં આવશે.

પ્રવક્તા ચિત્રેશ અનાજવાલાએ વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, આ બેઠકોમાં કાર્યકર્તાઓ અને સ્થાનિક પદાધિકારીઓ પાસેથી ખુલ્લા મને સૂચનો લેવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે, સ્થાનિક ચૂંટણી દરમિયાન જો કોઈ પણ કાર્યકર્તા કે પદાધિકારીએ પાર્ટી વિરોધી પ્રવૃત્તિ કરી હોવાનું જણાશે કે ફરિયાદો મળશે, તો તે અંગે પણ ગંભીર ચર્ચા કરી તેમની સામે કડક નિર્ણયો લેવામાં આવશે. કોઈની પણ ગેરશિસ્ત સાંખી લેવામાં આવશે નહીં.

### સમીક્ષાના અંતે ઘડાશે આગામી આક્રમક રણનીતિ

૫ દિવસ ચાલનારી આ મેગા સમીક્ષા બેઠકોમાં સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા આપવામાં આવેલા ગ્રાઉન્ડ લેવલના રિપોર્ટ અને સૂચનોને આધારે પાર્ટી આગામી સમયમાં પગલાં લેશે. આ તમામ બેઠકો પૂર્ણ થયા બાદ, મળેલા ફીડબેકના આધારે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતૃત્વ દ્વારા આગામી રાજકીય લડાઈઓ માટે એક નવી અને આક્રમક રણનીતિ તૈયાર કરવામાં આવશે.

# નાણા ધીરધારનું લાયસન્સ ન હોવા છતાં વ્યાજે નાણા દેનાર વ્યાજખોરો બેફામ

» ગોંડલના વાસાવડના વ્યાજખોરે ૩.૫૦ લાખના ૬.૫૦ લાખ વસુલ્યા બાદ યુવકને મારકૂટ કરી બે કોરા ચેક પડાવી લીધા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાજખોરો પાસે ગુજરાત નાણા ધીરધાર અંગેનું લાયસન્સ ન હોવા છતાં નાગરિકોને ઊંચા વ્યાજે પૈસા આપીને તેમની મરણમૂડી પડાવી રહ્યા છે. લાયસન્સ વિના વ્યાજખોરીનો આ કાળો કારોબાર બેફામ બન્યો છે. ગોંડલની પારેખ શેરીમાં રહેતા યુવાને ધંધાની જરૂરિયાત માટે ૩.૫૦ લાખ વ્યાજે લીધા બાદ ૬.૫૦ લાખ ચૂકવી દીધા હોવા છતાં વાસાવડના વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરી મારકૂટ કરતા સુલતાનપુર પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે. બનાવ અંગે મૂળ ધ્રોલના વતની અને હાલ ગોંડલમાં પારેખ શેરીમાં રહી છકડો રિક્ષા ચલાવતા અસલમ અજીજ દોસાણી (ઉ.વ. ૩૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હનીફ ઉર્ફે કાળુ ઈસ્માઈલ સલાટ (રહે. વાસાવડ) નું નામ આપ્યું છે. અસલમ વર્ષ ૨૦૧૮ ના માર્ચ મહિનામાં રમકડાંની ફેરી કરતો હતો ત્યારે તેને રૂપિયાની જરૂરિયાત પડતા પત્નીના કુટુંબી મામા હનીફ પાસેથી કટકે કટકે ૨.૫૦ લાખ માસિક ૩ ટકાના વ્યાજે લીધા હતા. જેનું સમયસર વ્યાજ ચૂકવ્યા બાદ વર્ષ ૨૦૧૯ માં વધુ ૧ લાખ રૂપિયા ૪ ટકાના વ્યાજે લીધા હતા. છેલ્લા ૬ વર્ષમાં અસલમે વ્યાજ અને મુદ્દલ રકમ મળીને કુલ ૬.૫૦ લાખ ચૂકવી આપ્યા હતા. ત્યારબાદ તેની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી તે વ્યાજના પૈસા ચૂકવી શકતો ન હતો. આ તરફ વ્યાજખોર હનીફ પાસે નાણા ધીરધારનું કોઈ લાયસન્સ ન હોવા છતાં તે અસલમને અવારનવાર ધમકાવીને પઠાણી ઉઘરાણી કરતો હતો. આ મામલે પોલીસ હેડ કોન્સ્ટેબલ વી.સી. સરિયાએ આરોપી હનીફ સામે આઈપીસી કલમ ૩૮૪, ૩૮૬, ૩૨૩ તથા ગુજરાત નાણા ધીરધાર એક્ટ ૨૦૧૧ ની કલમ ૫, ૩૩, ૪૦, ૪૨ મુજબ ગુનો નોંધી તેની સઘન શોધખોળ હાથ ધરી છે. વ્યાજ અને મુદ્દલ કરતાં બમણી રકમ વસૂલી લેવા છતાં હનીફની ભૂખ સંતોષાઈ ન હતી. ગત ૨૬-૧૦-૨૦૨૫ ના રોજ હનીફે ઢોર માર મારીને અસલમ પાસેથી બે કોરા ચેકમાં બળજબરીથી સહી કરાવીને ચેક પડાવી લીધા હતા. તાજેતરમાં જ હનીફ વિરુદ્ધ સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં વ્યાજ અંગેની અન્ય એક ફરિયાદ નોંધાઈ હતી. આ વાતની જાણ થતાં અસલમે પણ હિંમત એકઠી કરી આ માથાભારે વ્યાજખોર સામે પોલીસનું શરણું લીધું છે અને મની લેન્ડિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે.

# સામું જોવાના પ્રશ્ને 9 શખ્સોનો પરિવાર પર હુમલો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઘાંચીવાડ વિસ્તારમાં માત્ર સામું જોવા જેવી નજીવી બાબતે માથાભારે ટોળકીએ યુવાનના ઘરે જઈ ઘાતક હથિયારો વડે હુમલો કરતા એક જ પરિવારના ૫ સભ્યો ઘવાયા છે. ઘાંચીવાડમાં રહેતો અવેશ ઘોણીયા (ઉ.વ. ૨૮) મંગળવારે રાત્રે ગાર્ડન ચોક પાસે ફાકી ખાવા ગયો હતો. ત્યાં હુશેન ઉર્ફે ભાણો જોરજોરથી બોલતો હોવાથી અવેશે તેની સામે જોયું હતું. આથી ઉશ્કેરાયેલા હુશેને ગાળો આપી અવેશને ચાનો કડછો ફટકારી દીધો હતો. અવેશ ત્યાંથી ઘરે જતો રહ્યો પરંતુ હુશેન તેના ઘર પાસે પહોંચ્યો હતો અને અવેશના પિતા સાથે ઝઘડો કરી પોતાના સાગરીતો માહીર, સુફી, અરબાઝ, નોઈનખાન, સૈફુ, સલમાન, આદિલ અને દેવોને બોલાવી લીધા હતા. આ ૯ શખ્સોએ છરી, ધોકા અને સોડા બોટલોથી પથ્થરમારો કરી આતંક મચાવ્યો હતો. હુમલાખોરો એક્ટિવામાં તોડફોડ કરી, મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. હુમલામાં ઘવાયેલા અવેશ, તેના પિતા નસીરૂદ્દીનભાઈ, કાકી નઝમાબેન, પિતરાઈ ભાઈ અમન અને બહેન સુમેરાબેનને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. એ-ડિવિઝન પોલીસે તમામ ૯ શખ્સો સામે રાયોટિંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મનપા સંચાલિત 5 હાઈસ્કૂલોનું ધોરણ-10નું ઝળહળતું પરિણામ જાહેર

## સરોજીની નાયડૂ ગર્લ્સ હાઈસ્કૂલે 100% પરિણામ સાથે મેદાન માર્યું : અન્ય ચાર સ્કૂલોનું પરિણામ સુધર્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત હાઈસ્કૂલોનું ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે મનપા સંચાલિત શાળાઓના પરિણામમાં ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. આ વર્ષે શ્રીમતી સરોજીની નાયડૂ ગર્લ્સ હાઈસ્કૂલનું શાનદાર પ્રદર્શન કર્યું છે આ શાળાએ ૧૦૦% પરિણામ મેળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. શાળાની ૨૩ વિદ્યાર્થીનીઓએ ૯૦ થી વધુ PR મેળવ્યા છે, જ્યારે ૬૬ વિદ્યાર્થીનીઓએ ૮૦ થી વધુ PR પ્રાપ્ત કર્યા છે. ખાસ બાબત એ છે કે સામાજિક વિજ્ઞાન વિષયમાં ૨ વિદ્યાર્થીનીઓ અને ગણિત તથા વિજ્ઞાનમાં ૧-૧ વિદ્યાર્થીનીએ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. શ્રી પી. & ટી. વી. શેઠ હાઈસ્કૂલ શાળાનું પરિણામ ૮૮.૨૩% રહ્યું છે. શાળામાં તાલિબહુસેન મોસીનભાઈ પીપરવાડીયા ૯૩% (૯૭.૮૯ PR) સાથે પ્રથમ ક્રમે રહ્યા છે. શ્રી મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય શાળાએ ૮૩.૮૭% પરિણામ મેળવ્યું છે, જે ગત વર્ષ કરતા ૫.૬૧% વધુ છે. શ્રી મુરલીધર વિદ્યાલય ગત વર્ષના ૪૮.૪૮% ની સરખામણીએ આ વર્ષે ૬૦.૬૦% પરિણામ મેળવીને ૧૨.૧૨% નો મોટો ઉછાળો નોંધાવ્યો છે. શ્રી એકનાથ રાનડે વિદ્યાલય શાળાનું પરિણામ ૬૧.૧૧% રહ્યું છે, જે ગત વર્ષ કરતા ૯.૯૮% વધારે છે. રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લગભગ તમામ શાળાઓના પરિણામમાં ગત વર્ષની સરખામણીએ સુધારો જોવા મળ્યો છે. શ્રી વીર સાવરકર વિદ્યાલયના પરિણામમાં પણ ૯.૨૧% નો વધારો નોંધાયો છે. મનપાની શાળાઓમાં અભ્યાસ કરતા સામાન્ય પરિવારના બાળકોએ આ વર્ષે બોર્ડની પરીક્ષામાં પોતાની પ્રતિભા સાબિત કરી છે.

# હપ્તા ન ભરનાર 5 આવાસ ધારકોના ફાળવણી પત્ર રદ

**» વારંવારની સૂચના છતાં હપ્તાની બાકી રકમ ન ભરતા 'રૂડા' દ્વારા કડક કાર્યવાહીઃ 7 દિવસમાં રજૂઆત કરવાની અંતિમ તક**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (RUDA) દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ મેળવનાર લાભાર્થીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લાંબા સમયથી આવાસના હપ્તાની રકમ બાકી રાખનાર ૫ આવાસધારકોના આવાસ રદ કરવાનો નિર્ણય રૂડા તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત વિવિધ આવાસ સાઈટ પર કેટલાક લાભાર્થીઓ દ્વારા હપ્તા પેટે મોટી રકમ બાકી રાખવામાં આવી હતી. આ અંગે રૂડા કચેરી દ્વારા સંબંધિત આવાસધારકોને અગાઉ વારંવાર જાણ કરવામાં આવી હોવા છતાં, નિર્ધારિત સમયમર્યાદામાં રકમ જમા કરાવવામાં આવી નહોતી. અંતે, રૂડાની બોર્ડ બેઠકમાં લેવાયેલા ઠરાવ મુજબ આ પાંચેય આવાસધારકોની ફાળવણી રદ કરવામાં આવી છે. જેમાં વૃંદાવન હાઉસિંગ કો. ઓપરેટીવ સોસાયટી (ટી.પી.૧૭, એફ.પી.૯૫) D-૬૦૪, K-૧૦૪, પરિશ્રમ હાઉસિંગ કો. ઓપરેટીવ સોસાયટી (ટી.પી.૧૭, એફ.પી.૭૩) F-૧૦૪, પરિવાર હાઉસિંગ કો. ઓપરેટીવ સોસાયટી (ટી.પી.૧૭, એફ.પી.૮૦), શિવશકિત હાઉસિંગ કો. ઓપરેટીવ સોસાયટી (ટી.પી.૦૯, એફ.પી.૨૦/એ) A-૧૧૦૪ નો સમાવેશ થાય છે. આ મામલે રૂડા તંત્રએ વધુમાં જણાવ્યું છે કે, જો આ બાબતે કોઈ પણ લાભાર્થીને વાંધા-વચકા કે રજૂઆત હોય, તો તેમણે આજથી ૭ (સાત) દિવસની અંદર રૂડા કચેરીના કામકાજના દિવસો દરમિયાન 'આવાસ શાખા'નો સંપર્ક કરવાનો રહેશે. જો આ સમયગાળામાં કોઈ રજૂઆત કરવામાં નહીં આવે, તો આ આવાસ રદ કરવાની પ્રક્રિયા આખરી ગણવામાં આવશે.

# શહેરના ભગવતીપરામાં સરકારી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં વિદ્યાર્થીઓના એડમિશન ઓપન

**» ગાંધીગ્રામમાં પરસોતમ પમનાણીએ મુખ્યમંત્રીને કરેલી રજૂઆત ફળી**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના ગાંધીગ્રામમાં ભારતીનગર ખાતે રહેતા સામજિક કાર્યકર પરસોતમ પમનાણીએ ૧૯-૧૧-૨૦૨૫ ના રોજ મુખ્યમંત્રી કાર્યલયમાં રાજકોટમાં સરકારી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ શરુ કરવા અંગેની રજૂઆત ફળી છે.આ રજૂઆત બાદ ભગવતીપરામાં શરુ થયેલી સરકારી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં વિદ્યાર્થીઓના એડમિશનનો પ્રારંભ કરાયો છે.

ધાર્મિક તેમજ સામાજીક સેવાકીય કામ કરતા પરસોતમભાઈ પમનાણી, જયદિપભાઈ પરમાર, પરેશભાઈ દુલાણી, ગૌરાંગભાઈ પુજારા, ચંદ્રકાંતભાઈ આહુજા જેઓ છેલ્લા ૯-૧૦ માસથી સરકારમાં રજુઆત કરતા હતાં કે, રાજકોટ ખાતે તેમજ અન્ય શહેરોમાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણવા માટે પ્રાઈવેટ સ્કૂલો છે પરંતુ સરકારી એક પણ શાળા અંગ્રેજી ઉચ્ચતર માધ્યમીક ન હોય જેથી નાના માણસોના બાળકો ઉચ્ચતર અભ્યાસ માટે અંગ્રેજી માધ્યમ સ્કૂલમાં ભણી શકતા નથી તો સરકાર દ્વારા અંગ્રેજી માધ્યમની ઉચ્ચતર માધ્યમીક સ્કૂલો ચાલુ કરવામાં આવે તો નાના માણસોના બાળકો પણ ભણી શકે. જે રજુઆતને સરકાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવી અને હાલ રાજકોટમાં શ્રી સરકારી ઈંગ્લીસ મીડીયમ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમીક શાળા, નવીન ટાવરની પાછળ, એચ.પી. પેટ્રોલ પંપ વાળી શેરી, ભગવતીપરા મેઈન રોડ, રાજકોટ ખાતે ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ધો. ૯ અને ૧૦ માટે એડમીશન ચાલુ કરવામાં આવેલ છે. જેથી કોઈપણ બાળકોને એડમીશન લેવા માટે તથા વધુ માહિતી માટે સવારે ૯ થી ૧૧ મો. નં. ૯૭૩૯૮૩૦૩૪૨ તથા સાંજે ૪ થી ૬ મો. નં. ૯૯૭૮૩૯૦૬૦૦ ઉપર સંપર્ક કરી શકે છે

# એપ્રિલ સુધીમાં મનપાની 100 કરોડના વેરાની વસૂલાત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ૨૦૨૬-૨૭ ના વેરા વસૂલાત અભિયાનને સારો પ્રતિસાદ મળ્યો છે. ૭ થી ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં કુલ ૧,૬૫,૫૫૯ કરદાતાઓએ ૧૦૦.૧૭ કરોડ રૂપિયાનો વેરો ભરપાઈ કર્યો છે. ડિજિટલ પેમેન્ટના વધતા વ્યાપ વચ્ચે ૧,૨૨,૧૪૧ લોકોએ ઓનલાઈન ૭૨.૫૭ કરોડ ચૂકવ્યા છે, જ્યારે ૪૩,૪૧૮ લોકોએ ચેક કે રોકડાથી ૨૭.૬૮ કરોડ જમા કરાવ્યા છે. એડવાન્સ વેરો ભરનારા નાગરિકોને અત્યાર સુધીમાં ૧૧.૯૯ કરોડનું માતબર ડિસ્કાઉન્ટ અપાયું છે. ૩૧ મે ૨૦૨૬ સુધી વેરો ભરનાર સામાન્ય કરદાતાઓને ૧૦% અને મહિલાઓને ૧૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. ત્યારબાદ જૂન માસમાં આ લાભ ઘટીને સામાન્ય માટે ૫% અને મહિલાઓ માટે ૧૦% થઈ જશે. મનપાએ તમામ મિલકતધારકોને સમયસર આ યોજનાનો લાભ લેવા અપીલ કરી છે.

# વાંકાનેરમાં 1.52 કરોડનો ગેસ બારોબાર વેચી માર્યો

**કંપનીની જાણ બહાર 92 ટન ગેસ સગેવગે કરી નાણાં ઓળવી ગયા**

» કણકોટના કોન્ફિડન્ટ પેટ્રોલિયમ પ્લાન્ટના ઈન્ચાર્જ અને ઓપરેટરનું કારસ્તાન

» વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં વિશ્વાસઘાત અને ઉચાપતની ફરિયાદ દાખલ

**સિટી ન્યૂઝ@વાંકાનેર**




વાંકાનેર તાલુકાના કણકોટ ગામે આવેલી કોન્ફિડન્ટ પેટ્રોલિયમ ઇન્ડિયા લિમિટેડ કંપનીના ગેસ બોટલિંગ પ્લાન્ટમાં 'ઘરના જ ભૂવા અને ઘરના જ ડાકલા' જેવો ઘાટ સર્જાયો છે. જેમના શિરે પ્લાન્ટની સુરક્ષા અને સંચાલનની જવાબદારી હતી, તેવા જ બે મુખ્ય કર્મચારીઓએ દાનત બગાડીને કંપનીનો ૧.૫૨ કરોડ રૂપિયાનો એલપીજી ગેસ બારોબાર વેચી મારીને જંગી કૌભાંડ આચર્યું છે. કંપનીના ઓડિટમાં આ કૌભાંડનો પર્દાફાશ થતા પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કણકોટ સ્થિત આ ગેસ બોટલિંગ પ્લાન્ટમાં ઇન્ચાર્જ તરીકે સુરેશકુમાર ભેરૂલાલ મેઘવાલ અને ઓપરેટર તરીકે ઇલ્યાસ નૂરમામદ પરાસરા ફરજ બજાવતા હતા. વફાદારીના નામે મોટો વિશ્વાસઘાત કરતા આ બંને ભેજાબાજોએ ભેગા મળીને આખું નેટવર્ક ઊભું કર્યું હતું. તાજેતરમાં કંપની દ્વારા કરવામાં આવેલા ઇન્ટરનલ ઓડિટમાં ખળભળાટ મચાવતો ખુલાસો થયો છે કે આ બંને શખ્સોએ પ્લાન્ટમાંથી ૯૨ ટન અને ૬૫૬ કિલો ગેસનો મોટો જથ્થો કોઈને પણ ખબર ન પડે તે રીતે બારોબાર અન્યત્ર વેચી નાખ્યો હતો.

કંપનીના સત્તાવાર રેકોર્ડ મુજબ, બારોબાર વેચાયેલા આ ગેસના જથ્થાની કુલ બજાર કિંમત રૂપિયા ૧,૫૨,૮૮,૨૪૦ થવા જાય છે. આટલી મોટી રકમ કંપનીના બેંક ખાતામાં જમા કરાવવાને બદલે આરોપીઓએ પોતાના અંગત મોજશોખ માટે વાપરી નાખી હોવાનું ખૂલ્યું છે. કરોડોની મત્તાની સરેઆમ લૂંટ ચલાવનાર પોતાના જ કર્મચારીઓનું આ કારસ્તાન જોઈને કંપનીના ઉચ્ચ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

આ ગંભીર કૌભાંડ સામે આવતા નાગપુર સ્થિત કંપનીના પ્રતિનિધિ સુભાંગસિંગ બિજેન્દ્રપાલ સિંગે વાંકાનેર તાલુકા પોલીસ મથકે સુરેશકુમાર અને ઇલ્યાસ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને વિરુદ્ધ વિશ્વાસઘાત અને ઉચાપતનો ગુનો નોંધી, હાલ ફરાર થઈ ગયેલા બંને શખ્સોને પકડવા માટે અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# લોનથી બચવા બનાવટી પ્લેટવાળી અર્ટિકા કારે યુવાનનો ભોગ લીધો

» બેંક રિકવરીથી કાર બચાવવા આરોપીએ ગેરકાયદેસર કીમિયો અપનાવ્યો

» છેતરપિંડી અને અકસ્માત મામલે આરોપી બે કાર સાથે ઝડપાયો




**સિટી ન્યૂઝ@હળવદ**

હળવદ માર્કેટ યાર્ડ પાસે બનેલી હિટ એન્ડ રનની ગોઝારી ઘટનામાં પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. લોનના હપ્તા બાકી હોવાથી રિકવરી એજન્ટોથી પોતાની કાર બચાવવા આરોપીએ બીજી કારની નંબર પ્લેટ લગાવી છેતરપિંડી આચરી હતી. લોનના ડરથી આચરેલા આ ગેરકાયદેસર 'જુગાડ'માં સર્જાયેલા અકસ્માતમાં એક નિર્દોષ યુવાનનું મોત નીપજ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરી બંને કાર કબજે લીધી છે. ઘટનાની વિગત મુજબ, હળવદના ભવાનીનગર ઢોરો વિસ્તારના અરવિંદ કુડેચા માર્કેટ યાર્ડ પાસે રોડ ક્રોસ કરતા હતા, ત્યારે પૂરપાટ આવતી અર્ટિકા કારે તેમને અડફેટે લેતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું. ઘટના બાદ મૃતકના ભાઈ રોહિતે કાર નંબર GJ-03-PJ-૭૧૦૫ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. હળવદ પોલીસની સઘન તપાસમાં કડીઓ રાજકોટ સુધી લંબાઈ હતી અને અકસ્માત સર્જનાર અસલી આરોપી લીલપરનો બિપિન રાઠોડ ઝડપાયો હતો. પોલીસ પૂછપરછમાં ખૂલ્યું કે બિપિન પાસે બે અર્ટિકા કાર હતી (એક GJ-૩૬-AC-૮૫૮૦ અને બીજી સંબંધીના નામે GJ-03-PJ-૭૧૦૫).

**આચર્યું પાપ અને છેતરપિંડી**

આરોપી બિપિનની GJ-૩૬-AC-૮૫૮૦ કારના હપ્તા બાકી હોવાથી, બેંકના રિકવરી એજન્ટોથી બચવા તેણે આ ગાડી પર સંબંધીની બીજી ગાડીની નંબર પ્લેટ લગાવી દીધી હતી. આ બનાવટી નંબર પ્લેટવાળી કાર લઈને નીકળ્યો ત્યારે જ જીવલેણ અકસ્માત સર્જાયો હતો. પોલીસે આરોપી સામે હિટ એન્ડ રન, છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજના ઉપયોગનો ગંભીર ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની લાઈનો, પાલિકા તંત્ર સામે ઉગ્ર રોષ

# મોરબીમાં શ્વાનોનો આતંક 20થી વધુને બચકા ભર્યા

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી શહેરમાં આજે રખડતા શ્વાનોએ જાણે ખુલ્લો આતંક મચાવ્યો હોય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. શહેરના શનાળા રોડ પર આવેલી ચિત્રકૂટ સોસાયટી અને આસપાસના મુખ્ય વિસ્તારોમાં હિંસક બનેલા શ્વાનોની ટોળકીએ એક જ દિવસમાં અંદાજે ૨૦ થી વધુ લોકોને બચકા ભરી લોહીલુહાણ કરી નાખ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં ભારે ગભરાટ ફેલાયો છે અને ઘોર નિંદ્રામાં સૂતેલા પાલિકા તંત્ર સામે લોકોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે.શહેરના શનાળા રોડ, ગ્રીન ચોક, દરબારગઢ રોડ અને નાની બજાર જેવા ભરચક માર્ગો પર રસ્તે ચાલતા રાહદારીઓ પર શ્વાનોએ અચાનક ત્રાટકવાનું શરૂ કર્યું હતું. આ હુમલાનો ભોગ બનનારાઓમાં રમતા અને શાળાએ જતા માસૂમ બાળકો તેમજ ખરીદી કે કામ અર્થે નીકળેલા મહિલાઓ અને પુરુષોનો સમાવેશ થાય છે. શ્વાનોના હુમલાથી ગભરાયેલા અને લોહીલુહાણ થયેલા તમામ ૨૦ થી વધુ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

શ્વાનોની હિંસકતા માત્ર માણસો પૂરતી મર્યાદિત રહી ન હતી. પીડિત દેવપાલદાસે પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, હિંસક બનેલા આ શ્વાનો હવે અબોલ પશુઓને પણ ફાડી ખાય છે. આજે રસ્તા પર જઈ રહેલા એક બળદને પણ શ્વાનોએ બચકા ભરીને ગંભીર ઈજા પહોંચાડી હતી. હોસ્પિટલમાં સારવાર લેવા આવતા લોકોની મોટી સંખ્યા જોઈને સ્થિતિની ગંભીરતાનો અંદાજ લગાવી શકાય છે.



» શનાળા રોડ અને ગ્રીન ચોક વિસ્તારમાં રાહદારીઓ પર અચાનક હુમલા
» માસૂમ બાળકો, મહિલાઓ અને અબોલ પશુઓને પણ નિશાન બનાવ્યા

### લોકો લાકડી લઈને નીકળવા મજબૂર, પાલિકા નિષ્ક્રિય

આટલી ગંભીર ઘટના અને જનતામાં ફફડાટ હોવા છતાં પાલિકા તંત્ર નિષ્ક્રિય છે. સ્થાનિકો ઉગ્ર માંગ કરી રહ્યા છે કે તાત્કાલિક શ્વાન પકડવાની ઝુંબેશ શરૂ કરી હિંસક શ્વાનોને રહેણાંક વિસ્તારોથી દૂર ખસેડવામાં આવે. હાલ તો મોરબીના આ વિસ્તારોમાં 'કૂતરા કરડશે' તેવા ડરથી રસ્તાઓ સૂમસામ ભાસી રહ્યા છે અને લોકો રક્ષણ માટે હાથમાં લાકડી લઈને નીકળવા મજબૂર બન્યા છે.

# મોરબીમાં વીજલાઈન મુદ્દે રણસંગ્રામ ખેડૂતોનું તંત્રને અલ્ટીમેટમ

» ૧૦ દિવસમાં નોટિસ રદ નહીં થાય તો કલેક્ટર કચેરીનો ઘેરાવો
» ૭૬૫ કિ.વી. લાઈન માટે સંમતિ વિના જમીન પડાવવાનો વિરોધ
» માંગ નહીં સંતોષાય તો ગાંધીનગર કૂચ કરવાની આક્રમક ચીમકી

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી જિલ્લામાં ૭૬૫ કિ.વી. હાઈટેન્શન વીજલાઈન પ્રોજેક્ટમાં ટેલિગ્રાફ એક્ટ હેઠળ અપાયેલી નોટિસોથી ખેડૂતો અને તંત્ર વચ્ચે આરપારની લડાઈના એંધાણ છે. કિસાન સંઘર્ષ સમિતિના નેતા મહેશ રાજકોટીયાએ આક્ષેપ કર્યો છે કે, ચૂંટણીઓ પતતા જ સરકારે વિશ્વાસઘાત કરી ખેડૂતોની જમીનો પર બળજબરીથી કબજો મેળવવાની પેરવી શરૂ કરી છે.

ખેડૂત સંગઠને મુખ્યમંત્રીને પત્ર લખી સંમતિ વિના જમીન પર પગ ન મૂકવા દેવાની મક્કમતા દર્શાવી છે. તેમની મુખ્ય માંગ છે કે, કાળા કાયદા હેઠળ અપાયેલી નોટિસો તાત્કાલિક રદ કરાય અને જમીનના બદલામાં પૂરતું વળતર આપવામાં આવે. સાથે જ ખેડૂતોને ડરાવતા અધિકારીઓ સામે કડક તપાસની માંગ પણ ઉઠી છે.

ખેડૂત નેતા મહેશ રાજકોટીયાએ જણાવ્યું હતું કે, વિકાસના નામે ખેડૂતોનો કોળિયો છીનવાઈ રહ્યો છે. જો ૧૦ દિવસમાં નોટિસો પાછી નહીં ખેંચાય, તો હજારો ખેડૂતો મોરબી કલેક્ટર કચેરીને બાનમાં લેશે. માંગ નહીં સંતોષાય તો આંદોલન મોરબી પૂરતું સીમિત ન રાખતા ગાંધીનગર સુધી મહાકૂચ કરવામાં આવશે.

રાજ્યના વિકાસ માટે આ પ્રોજેક્ટ ભલે મહત્વનો હોય, પરંતુ ખેડૂતોનો વિસ્ફોટક અસંતોષ તંત્ર માટે પડકારરૂપ છે. જો સમયસર સંવાદ નહીં થાય તો કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વણસી શકે છે. ખેડૂતો હવે 'આમરણ ઉપવાસ' જેવા અંતિમ પગલાં ભરવા પણ તૈયાર છે, જે શાસક પક્ષ માટે મોટી મુસીબત બની શકે છે.




### આધ્યાતમિક સ્પર્શ સાથે કલા : એક વાર અચૂક મૂલાકાત લેવા જેવી

# રાજકોટમાં સંકટમોચન આર્ટ એક્ઝિબિશન ભક્તિનો કલાત્મક રંગોત્સવ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં કલા અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ જોવા મળશે. આકૃતિ આર્ટ ગ્રુપ દ્વારા શહેરની ધર્મપ્રેમી અને કલાપ્રેમી જનતા માટે ૧ વિશેષ અને આધ્યાત્મિક 'સંકટમોચન આર્ટ એક્ઝિબિશન' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રેસકોર્સ ખાતે આવેલી શ્રી ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીમાં આગામી ૮, ૯ અને ૧૦ મે ના રોજ સવારે ૯:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી આ પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.આ અનોખા પ્રદર્શનમાં ભગવાન શ્રી હનુમાનજીની ભક્તિભાવ, શક્તિ અને સમર્પણને શહેરના વિવિધ ઉભરતા કલાકારો દ્વારા કલાત્મક સ્વરૂપમાં રજૂ કરવામાં આવશે. પ્રદર્શનની દરેક કૃતિમાં ભક્તિનો ભાવ, આધ્યાત્મિક ઉર્જા અને ભારતીય સંસ્કૃતિની ઝલક અનુભવી શકાશે. આ પ્રદર્શનમાં કેનવાસ પેઈન્ટિંગ, ઓઈલ પેઈન્ટિંગ, ક્રોશે (Crochet), લિપ્પન આર્ટ, સ્કલ્પચર, સ્કેચ અને પોટ્રેટ સહિતની અનેક સર્જનાત્મક કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે દર્શકોને વૈવિધ્યસભર અને અનોખો કલાનો અનુભવ આપશે.

આ કલા પ્રદર્શનને સફળ બનાવવા અને અદભુત કૃતિઓ તૈયાર કરવા માટે આકૃતિ આર્ટ ગ્રુપના ઉભરતા કલાકારોએ ભારે જહેમત ઉઠાવી છે. જેમાં આરતી બાવીશી, દર્શન સોલંકી, યાજ્ઞિક સોંડાગર, હેતાંશ રાઠોડ, દિનાઝ મીર, દ્રષ્ટિ પરમાર, નિયતી ચાવડા, શુભમ જાવિયા, ધારા ચૌહાણ, અર્થનાસ મીટ, ઈશા કૌચડીયા, જીયા નાગર અને સૈયા ડોબરિયાનો સમાવેશ થાય છે.

### કલા અને ભક્તિના સમન્વયથી મળશે આધ્યાત્મિક અનુભવ

આ પ્રદર્શનનો મુખ્ય હેતુ ભક્તિ અને કલાના સમન્વય દ્વારા લોકોને ૧ અનોખો આધ્યાત્મિક અનુભવ આપવાનો છે. અહીં દર્શાવવામાં આવનાર કૃતિઓ દર્શકોને ભક્તિના રંગમાં રંગી દેશે અને શ્રી હનુમાનજી પ્રત્યેની શ્રદ્ધાને વધુ મજબૂત બનાવશે. શહેરના ઉભરતા કલાકારો પોતાની અનોખી કલ્પનાઓ દ્વારા કલા અને ભક્તિનું સુંદર પ્રદર્શન કરવા જઈ રહ્યા છે, ત્યારે રાજકોટની ધર્મપ્રેમી તથા કલાપ્રેમી જનતા માટે આ પ્રદર્શન ૧ અચૂક મુલાકાત લેવા જેવો અવસર બની રહેશે.

# સદગુરુ પ્રાથમિક વિધાલય દ્વારા 9મેંના રોજ સ્મૃતિઓનું પુનરાગમનનું આયોજન

### ૫૦ માં વર્ષના મંગલ પ્રવેશને વધાવવા શાળા દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**



શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સદગુરુ પ્રાથમિક વિધાલય દ્વારા આગામી ૦૯ શનિવારના રોજ શાસ્રીમા ભવન ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાશે.આ અંગેની માહિતી આપવા શાળાના આચર્ય અને શિક્ષકોએ રાજકોટ સીટી ન્યુઝની મુલાકાત લીધી હતી.

આચાર્ય તૃપ્તિ જોશીએ જણાવ્યું હતું કે હું શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સદગુરુ પ્રાથમિક વિધાલયની આચાર્ય છું. અમારી સંસ્થાને ૫૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે.આ અંતર્ગત અમે સ્મૃતિઓનું પુનરાગમન અંગે કાર્યક્રમનું આયોજન કરાયું છે.વર્ષ ૧૯૭૭ થી અત્યાર સુધી અમારા શાળામાં ભણનાર વિદ્યાર્થીઓને મળવા બોલાવનાર છીએ.

આ અંગેનું રજીસ્ટ્રેશન શરુ થઇ ગયું છે.આગામી ૯ મેંને ગુરુવારના રોજ ૫.૩૦ વાગ્યે શાસ્ત્રી ભવન લીમડા ચોક પાસે ગોંડલ રોડ ખાતે આયોજન કરાયું છે.

આપણે જાણીએ છીએ કે મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ હેઠળ ૨૭ થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ ચાલી રહી છે.



# બાલાજી હનુમાનજીના ચરણોમાં શીશ ઝુકાવતા પોલીસ કમિશ્નર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આજે રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાવન પધરામણી કરી હતી દાદાના દરબારમાં આસ્થાભેર દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ શ્રી બાલાજી હનુમાનજી મહારાજની વિશેષ આરતી અને પૂજા-અર્ચના કરી હતી. આ અવસરે તેમણે રંગીલા રાજકોટની સુખ-શાંતિ, સલામતી અને કાયદો-વ્યવસ્થાની જાળવણી વધુ મજબૂત બને તેવી દાદાના ચરણોમાં પ્રાર્થના કરી હતી. મંદિરમાં ઉપસ્થિત ભાવિકોએ પણ પોલીસ વડાની આ મંદિર ખાતે પધારેલા પોલીસ કમિશનરનું મહંત દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સંતોએ કમિશનરને પ્રસાદીનો હાર પહેરાવી અને આશીર્વાદ પાઠવ્યા હતા.

# રાજકોટની ધોળકીયા સ્કુલના 9 વિદ્યાર્થી બોર્ડ ફર્સ્ટ

## પપ ટકાથી વધુ વિદ્યાર્થીઓએ 80 ટકાથી વધુ માર્ક મેળવ્યા : બોર્ડ ટોપ-10માં 54, એ-1 ગ્રેડમાં 413 છાત્રો



**સિટી ન્યૂઝ@રાજકોટ**

બાલાજી હોલ પાસે આવેલી ધોળકિયા સ્કુલમાં ધોરણ-૧૦માં શાળાનાં અડધાથી પણ વધુ (૫૫%) વિદ્યાર્થીઓએ બોર્ડ પરીક્ષામાં ૮૦% થી પણ વધુ ગુણ મેળવી ફરી પોતાની સ્કુલનો રેકોર્ડ તોડયો છે. ૭૦૦માંથી ૬૯૫ માર્કસ સાથે નવો વિક્રમ અને ૯૯.૯૯ પી.આર. સાથે ૯-૯ વિદ્યાર્થી બોર્ડમાં પ્રથમ આવ્યા છે. સમગ્ર ગુજરાત બોર્ડમાં ટોપ-૧૦માં ૫૪, એ-૧ ગ્રેડમાં ૪૧૩, ૯૦થી વધારે પી.આર. સાથે ૬૩૫ વિદ્યાર્થી અને ૧૦૦માંથી ૧૦૦ માર્કસ સાથે સબ્જેકટ હાઈએસ્ટ ૩૦૦ છાત્રો ઝળકી ઉઠયા છે. આજે શાળા પરિવારે આ સુવર્ણ પરિણામની ઉમંગ સાથે ઉજવણી કરી હતી. કોઈ એક જ સ્કૂલમાંથી આટલી મોટી સંખ્યામાં હોનહાર તેજસ્વી તારલાઓ સમગ્ર ગુજરાતમાં ચમકી ઉઠ્યા હોય તેનું એકમાત્ર કારણ ૫૫ વર્ષના કેળવણીના ક્ષેત્રનો વારસો, સમર્પિત કેળવણીકારોનું સંચાલન, વિષય નિષ્ણાંત અને અનુભવી શિક્ષણગણ, બાલમંદિર થી ૧૨ ધોરણ સુધી લેવાતી વિશેષ કાળજી અને સૌથી વિશેષ રાજકોટ શહેરના વાલીગણનો ધોળકિયા સ્કૂલ્સ પર મૂકેલો વિશ્વાસ છે.આજરોજ S.S.C બોર્ડનું પરિણામ જાહેર થતા જ ધોળકિયા સ્કૂલનું પટાંગણ વિદ્યાર્થીઓ અને વાલીઓના ઉત્સાહ સાથે ઝુમી ઉઠ્યું હતું. આવું ધમાકેદાર પરિણામ જાહેર થતા જ વિદ્યાર્થીઓ ઉઉંના સથવારે ધોળકિયા સ્કૂલ્સના આંગણે ઝુમી ઉઠયા હતાં. વિદ્યાર્થીઓએ એકબીજાને મીઠાઈઓ ખવડાવવી આ ખુશીના વાતાવરણને વધુ યાદગાર બનાવ્યું હતું.પોતાના સંતાનોની મહેનતના પરિણામને બિરદાવતા ધોળકિયા સ્કૂલ્સના વાલીઓએ મેનેજીંગ ટ્રસ્ટી કૃષ્ણકાંતભાઈ ધોળકિયા અને જીતુભાઈ ધોળકિયાનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટમાં આહિર છાત્રાલયના નિર્માણ માટે વિજય વાંકનું ₹.55.55 લાખનું મહાદાન

## કમિટી મેમ્બર અને સમાજ અગ્રણીના અમૂલ્ય દાન બદલ સમાજના પ્રમુખ સહિતના હોદ્દેદારોએ આભાર વ્યક્ત કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં અભ્યાસ અર્થે આવતા આહીર સમાજના વિદ્યાર્થીઓને આધુનિક સુવિધા મળી રહે તેવા ઉમદા હેતુથી શ્રી યદુનંદન આહિર કેળવણી મંડળ દ્વારા નવનિર્મિત કુમાર છાત્રાલય ફેઝ-૧ નો લોકાર્પણ કાર્યક્રમ કાલાવડ રોડ પર કણકોટ પાસે રવિવારે ભવ્ય રીતે યોજાયો હતો. શિક્ષણને વેગ આપવા માટે સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા આર્થિક યોગદાન આપવામાં આવી રહ્યું છે, જેમાં એક દાતાએ ૫૫.૫૫ લાખનું અનુદાન આપ્યું છે.



અંદાજિત ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે ૩ એકર જગ્યામાં પથરાયેલા આ પ્રોજેક્ટ દ્વારા સમાજના યુવાનો માટે ઉચ્ચ શિક્ષણના દ્વાર ખુલશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ છાત્રાલયથી ૩૫૦ થી વધુ બાળકોને સીધો ફાયદો થશે. આહિર સમાજના છાત્રોના શૈક્ષણિક વિકાસ માટે ગૌરવવંતા દાતા અને કમિટી મેમ્બર વિજય વાંક દ્વારા છાત્રાલયના નિર્માણ હેતુ રૂપિયા ૫૫,૫૫,૫૫૫ ની માતબર રકમ દાન પેટે આપવામાં આવી છે.

વિજય વાંક દ્વારા આપવામાં આવેલા આ અમૂલ્ય દાન બદલ યદુનંદન આહિર કેળવણી મંડળ રાજકોટના પ્રમુખ બાબુ જીવા સબાડ, ઉપપ્રમુખ રાજુ રામ ખૂંગલા, દેવદાન જારીયા, મંત્રી બાબુ ખાડેચા, અરદાસ ગોગરા અને રતિ ખૂગલા સહિતના હોદ્દેદારોએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ પ્રકારના દાનથી સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં મોટી મદદ મળશે અને સમાજનો શૈક્ષણિક પાયો વધુ મજબૂત બનશે.

# રાજકોટના રેસકોર્સ રોડનું રાત્રિ ખાણીપીણી બજાર ડેન્જર ઝોન

» હેડ ક્વાર્ટરથી કિશનપરા સુધી લારીઓના અડીંગાથી સર્જાતો ભારે ટ્રાફિક જામ

» ઈમર્જન્સી વાહનોને પણ અવરોધ, તંત્ર અને લારીવાળા વચ્ચે મસમોટા વહીવટનો આક્ષેપ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના રેસકોર્સ રોડ પર રાત્રિના સમયે ઊભું થતું ખાણીપીણી બજાર હવે શહેરના નાગરિકો માટે ગંભીર ચિંતાનો વિષય બની ગયું છે. હેડ ક્વાર્ટરથી કિશનપરા સુધીના માર્ગ પર પસાર થવામાં સામાન્ય રીતે ખૂબ ઓછો સમય લાગે છે, પરંતુ આ વિસ્તારમાં રાત્રે ભારે ટ્રાફિક અને રસ્તા પર બેધડક ઊભી રહેતી અનિયંત્રિત લારીઓને કારણે વાહનચાલકોને પસાર થવામાં બહુ વધુ સમય લાગી રહ્યો છે. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી મયુર શાહે આ મુદ્દે લાલબત્તી ધરતા જણાવ્યું છે કે, આ માત્ર ટ્રાફિકનો પ્રશ્ન નથી પરંતુ નાગરિકોની સુરક્ષાનો પણ મોટો ઈશ્યુ છે. રસ્તા પર બેધડક લારીઓના કારણે ટ્રાફિક જામ થવાની સાથે રાત્રિના સમયે વાહન અકસ્માતની શક્યતાઓ ખૂબ



વધી જાય છે. એમ્બ્યુલન્સ અને ઈમર્જન્સી વાહનો માટે પણ મોટો અવરોધ ઉભો થાય છે, જ્યારે પગપાળા ચાલતા લોકો માટે આ વાતાવરણ અત્યંત જોખમભર્યું બની ગયું છે. પ્રશાસન દ્વારા યોગ્ય દેખરેખના અભાવે આડેધડ લારીઓ ઊભી રહે છે.

આ સમગ્ર પરિસ્થિતિ જોતા એવો આક્ષેપ થઈ રહ્યો છે કે ખાણીપીણી લારીઓના સંચાલકો સાથે ક્યાંક કોઈ “મસમોટો વહીવટ” ચાલી રહ્યો છે, જેના કારણે ટ્રાફિક અને સુરક્ષાના નિયમોનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. તંત્ર દ્વારા આ મુદ્દે કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલાં તાત્કાલિક જાગીને નક્કર નિર્ણય લેવાની તાતી જરૂરિયાત છે.

### તંત્ર સમક્ષ ૫ મુખ્ય માંગણીઓ

મયુર શાહે તંત્ર સમક્ષ માંગ કરી છે કે, ૧) રેસકોર્સ રોડ પર રાત્રિના સમયમાં લારીઓ માટે ૧ નિયંત્રિત ઝોન નક્કી કરવામાં આવે. ૨) ટ્રાફિક પોલીસ દ્વારા કડક ડ્રાઈવ યોજી નિયંત્રણ લાદવામાં આવે. ૩) વિસ્તારમાં CCTV અને પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે. ૪) એમ્બ્યુલન્સ જેવા ઈમર્જન્સી વાહનો માટે ક્લિયર કોરિડોર બનાવવો. ૫) ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદેસર લારીઓ સામે તાત્કાલિક અસરથી કડક કાર્યવાહી કરવામાં આવે.

# રાજકોટમાં ગજ્જર સ્પોર્ટ્સ ક્લબની આજે ફાઈનલ મેચ

સિટી ન્યૂઝ@રાજકોટ

ગજ્જર સ્પોર્ટ્સ ક્લબ દ્વારા સુથાર સમાજ માટે આયોજિત ૨૫ મી રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટની આજે ધમાકેદાર ફાઇનલ મેચ રેસકોર્સ સ્થિત માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. આ ખરાખરીનો જંગ અમદાવાદની બ્રધર્સ ઈલેવન અને પોરબંદરની વિશ્વકર્મા ઈલેવન વચ્ચે જામશે.

આજની આ ફાઈનલ મેચમાં મુખ્ય અતિથિ તરીકે પૂર્વ વન-ડે અને ટેસ્ટ ક્રિકેટર કરસનભાઈ ઘાવરી તથા અગ્રણી ઉદ્યોગપતિ અમુભાઈ ભારદિયા ખાસ ઉપસ્થિત રહેશે. રાજકોટની આ એકમાત્ર સંસ્થા છે જે સતત ૨૫ વર્ષથી આવી ટુર્નામેન્ટનું આયોજન કરે છે. પ્રખ્યાત આયોજક સ્વ. હર્ષદભાઈ ખંભાયતાની સ્મૃતિમાં સંસ્થાના પ્રમુખ યોગીનભાઈ છનિયારા દ્વારા આ ટુર્નામેન્ટ યોજાય છે.

ગઈકાલે રમાયેલી પહેલી સેમિફાઇનલ મેચમાં બ્રધર્સ ઈલેવન અમદાવાદે એમ.જી. ઈન્ટિરિયર કચ્છને હરાવ્યું હતું. જ્યારે બીજી સેમિફાઇનલમાં વિશ્વકર્મા ઈલેવન પોરબંદરે બોનીટિક ઈલેવન



કચ્છને માત આપીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો.આજે સાંજે ૫ થી ૭ બાળકોની મેચ રમાશે અને રાત્રે ૮ વાગ્યે મુખ્ય ફાઇનલ મેચ શરૂ થશે. ત્યારબાદ રાત્રે ૧૦ થી ૧૨ દરમિયાન ભવ્ય ઈનામ વિતરણ અને સન્માન સમારોહ યોજાશે. સંસ્થાની રજત જયંતિ નિમિત્તે ૨૫ વર્ષથી સાથ આપનાર રેસકોર્સ ક્લબના પરેશભાઈ ચગ, વિનુભાઈ પરમાર, દીપકભાઈ સાપરિયા, કેતનભાઈ સાપરિયા સહિતના તમામ મિત્રોનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા યોગીનભાઈ છનીયારા અને અરવિંદભાઈ ગજ્જરની આગેવાનીમાં કારોબારી સમિતિ જહેમત ઉઠાવી રહી છે.

# ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ નાનજીભાઈ ખીમસુરીયાનો આજે જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



"ગ્રાહક ઇઝ કિંગ" ના પ્રણેતા, રાજકોટ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ અને જાણીતા એડવોકેટ નાનજીભાઇ ખીમસુરીયાનો આજે ૬ મેના રોજ જન્મદિવસ છે.લોધિકા ગામે જન્મેલા નાનજીભાઈએ સંઘર્ષ બાદ B. AL.LLB નો અભ્યાસ પૂર્ણ કરી રાજકોટમાં વકીલાત શરૂ કરી. તેઓ છેલ્લા ૧૬ વર્ષથી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે અને વિવિધ કાર્યક્રમો થકી તમામ વયના લોકોમાં ગ્રાહક જાગૃતિ લાવવાનો નોંધપાત્ર પ્રયાસ કરી રહ્યા છે. આ ઉપરાંત, તેઓ શ્રી અમી મહિલા સહકારી મંડળીમાં ૧૯ વર્ષથી મંત્રી અને નેશનલ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના ૮ વર્ષથી ચેરમેન છે. તેઓ ૨૦૨૩ થી શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ ૨૦૨૪ થી પશ્ચિમ રેલ્વેની શહેર રેલ્વે સલાહકાર સમિતિ (DRUCC) માં પણ સક્રિય છે. પોતાના મિલનસાર સ્વભાવ અને કુશળ કામગીરીથી તેમણે વકીલ આલમ સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારે લોકચાહના મેળવી છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે મિત્રો, સામાજિક આગેવાનો અને પરિવારજનો તરફથી તેમના પર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

# કોંગ્રેસની નબળી નેતાગીરીથી નારાજ જીજ્ઞેશ રામાવતનું રાજીનામું

સિટી ન્યૂઝ@રાજકોટ



કોંગ્રેસ અગ્રણી જીજ્ઞેશ રામાવતે પક્ષની નબળી નેતાગીરી, સગાવાદ અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં થયેલી કારમી હારથી નારાજ થઈને તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપ્યું છે. અગાઉ AAP માં જોડાયા બાદ ૧૫ વર્ષના લગાવના કારણે તેઓ કોંગ્રેસમાં પરત ફર્યા હતા. પરંતુ અયોગ્ય ટિકિટ વહેંચણી અને નબળા મોવડી મંડળના કારણે પક્ષને વિપક્ષ જેટલી સીટો પણ ન મળતા તેમણે આ હારને પ્રજાનો કોંગ્રેસ વિરુદ્ધનો જનાદેશ ગણાવ્યો છે.

તેમણે પક્ષની કાર્યપ્રણાલી પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસમાં હાલ જાતિવાદ અને 'મારો એ સારો' ની નીતિ ચાલે છે. મેનેજમેન્ટ અને યોગ્ય ઉમેદવારની પસંદગીમાં કોંગ્રેસ હજી ૪G કાળમાં જીવે છે. છેલ્લા 30 વર્ષથી સતત હારવા છતાં માત્ર દેખાવ ખાતર મનોમંથન થાય છે. પક્ષ પાસે જીતવાનું કોઈ વિઝન નથી, જ્યારે ભાજપ ઉમદા મેનેજમેન્ટના કારણે જ જીતે છે.

રામાવતે પ્રદેશ અને તમામ જિલ્લા પ્રમુખોના રાજીનામા માંગી નેતૃત્વ યુવાનોને સોંપવા સૂચન કર્યું છે. ૧૫ વર્ષમાં ટંકારા આંદોલન સહિતના જનકાર્યોનો સંતોષ વ્યક્ત કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે તેમને કોઈ સાથે વ્યક્તિગત મનભેદ નથી, પરંતુ 'કમાન્ડ વગરના હાઈકમાન્ડ' અને પક્ષની નિષ્ફળતાઓથી ત્રસ્ત થઈને તેઓ કોંગ્રેસને અલવિદા કહી રહ્યા છે.

# દીકરીઓના ભણતર માટે ક્રાઈસ્ટ કોલેજમાં 40,000ની સ્કોલરશિપ

## નિશ્ચિત રૂટ પર ફ્રી બસ સેવા અને અન્ય રૂટ પર ૫૦% ડિસ્કાઉન્ટ પણ મળશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની ક્રાઈસ્ટ કોલેજ દ્વારા ધોરણ ૧૨ પાસ કરેલ વિદ્યાર્થીનીઓના ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે એક અત્યંત સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે. દીકરીઓ આર્થિક સંકડામણના કારણે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહી જાય તે હેતુથી કોલેજ દ્વારા વિશેષ 'ગર્લ્સ સ્કોલરશિપ ઓનલાઈન ટેસ્ટ' નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટેસ્ટમાં પસંદગી પામનાર વિદ્યાર્થીનીઓને કોલેજની ફીમાં સીધી ૪૦,૦૦૦ રૂપિયાની માતબર સ્કોલરશિપ (ફ્લેટ ડિસ્કાઉન્ટ) આપવામાં આવશે.

આ સ્કોલરશિપ યોજના દીકરીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડશે અને તેમના સપનાઓને સાકાર કરવાની નવી તક પૂરી પાડશે. ખાસ કરીને મધ્યમવર્ગીય અને ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થીનીઓ માટે આ યોજના ખૂબ જ લાભદાયી સાબિત થશે. ઉચ્ચ શિક્ષણની સાથે દીકરીઓમાં આત્મવિશ્વાસ વધારવા અને કારકિર્દી નિર્માણ માટે કોલેજની આ પહેલ અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે.

૪૦,૦૦૦ રૂપિયાની માતબર સ્કોલરશિપ ઉપરાંત, વિદ્યાર્થીનીઓની ટ્રાન્સપોર્ટેશનની સુવિધા માટે પણ કોલેજ દ્વારા વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. દીકરીઓને આવવા-જવા માટે કોલેજ દ્વારા અમુક નક્કી કરેલા ચોક્કસ રૂટ પર તદ્દન ફ્રી બસ સેવા ઉપલબ્ધ રહેશે. જ્યારે આ સિવાયના અન્ય રૂટ માટે કોલેજ બસ પરિવહનમાં ૫૦% ડિસ્કાઉન્ટની ખાસ સુવિધા પણ આપવામાં આવશે, જેથી વાલીઓ પર આર્થિક ભારણ ઘટાડી શકાય.

### 7 મે સુધી રજીસ્ટ્રેશન, 8મે ના રોજ ઓનલાઈન ટેસ્ટ

દીકરીઓ માટેની આ વિશેષ સ્કોલરશિપ પરીક્ષા આગામી ૮ મે ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે લેવામાં આવશે. આ માટે રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૭ મે ૨૦૨૬ રાખવામાં આવી છે. આ પરીક્ષા ઓનલાઈન (Google Form દ્વારા) રહેશે, જેથી વિદ્યાર્થીનીઓ પોતાના અનુકૂળ સ્થાન કે ઘરેથી જ પરીક્ષા આપી શકશે. સ્કોલરશિપ અંગેની વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીનીઓ કોલેજની વેબસાઈટ www.christcollegerajkot.edu.in ની મુલાકાત લઈ શકે છે અથવા ૮૮૫૮૮૩૧૭૩૧ / ૮૯૮૦૮૦૫૨૨૫ નંબર પર સંપર્ક કરી શકે છે.

## માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



### SME DETAILS

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| VALUE ૩૬૦ COMMUNICATIONS | 4/5 | 6/5 | 95 - 98 | 2400 | 2,35,200 |
| RECODE STUDIOS | 5/5 | 7/5 | 150 - 158 | 1600 | 2,52,800 |
| SIMCA ADVERTISING | 8/5 | 12/5 | 174 - 183 | 1200 | 2,19,600 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

■ હીરો મોટોકોર્પ (HERO MOTOCORP) એ ૫ મે, ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ (FY૨૬) અને ચોથા ત્રિમાસિક (Q૪) ના પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ કુલ ચોખ્ખો નફો ૫,૭૭૬ કરોડ, જે ગયા વર્ષ કરતા ૩૨% નો વધારો દર્શાવે છે. કુલ આવક ૪૭,૪૧૧ કરોડ, જે વાર્ષિક ધોરણે ૧૬% વધી છે. કુલ વેચાણ વર્ષ દરમિયાન કુલ ૬૪.૬૯ લાખ યુનિટ્સનું વેચાણ થયું છે (૧૦% વૃદ્ધિ). EBITDA માર્જિનઃ ૧૪.૭% નોંધાયું છે. ત્રિમાસિક ના આંકડા ચોખ્ખો નફો ૧,૪૦૧ કરોડ, જે ગયા વર્ષના સમાન ગાળા કરતા 30% નો વધારો છે. રેવન્યુ ૧૨,૭૯૭ કરોડ, જે વાર્ષિક ધોરણે ૨૯% નો વધારો સૂચવે છે. વેચાણ આ ત્રણ મહિનામાં ૧૭.૧૪ લાખ યુનિટ્સનું વેચાણ થયું છે (૨૪% વૃદ્ધિ).

■ LARSEN & TOUBRO (L&T) એ ૫ મે, ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ (FY૨૬) અને ચોથા ત્રિમાસિક (Q૪) ના પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ કુલ ચોખ્ખો નફો ૧૬,૦૮૪ કરોડ (ગયા વર્ષ કરતા ૭% નો વધારો). કુલ આવક ૨,૮૫,૮૭૪ કરોડ (ગયા વર્ષ કરતા ૧૨% નો વધારો). નવા ઓર્ડર વર્ષ દરમિયાન ૪,૩૫,૫૯૦ કરોડના નવા ઓર્ડર મળ્યા છે. કુલ ઓર્ડર બુક ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં કંપની પાસે ૭,૪૦,૩૨૭ કરોડના ઓર્ડર પેન્ડિંગ છે, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ત્રિમાસિક પરિણામો ચોખ્ખો નફો ૫,૩૨૬ કરોડ (ગયા વર્ષના Q૪ માં ૫,૪૯૭ કરોડ હતો, એટલે કે 3% નો ઘટાડો). આવક ૮૨,૭૬૨ કરોડ (૧૧% નો વધારો).

■ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (M&M) એ ૫ મે, ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ (FY૨૬) અને ચોથા ત્રિમાસિક (Q૪) ના મજબૂત પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ ના મુખ્ય હાઈલાઈટ્સ કુલ ચોખ્ખો નફો ૧૭,૦૯૯ કરોડ, જે ગયા વર્ષની સરખામણીએ ૩૫% નો વધારો દર્શાવે છે. કુલ આવક ૧,૯૮,૬૩૯ કરોડ, જે ગયા વર્ષ કરતા ૨૫% વધુ છે. ROE ૨૦.૧% નોંધાયું છે. ત્રિમાસિક ના આંકડા કુલ ચોખ્ખો નફો ૪,૬૬૮ કરોડ, જેમાં વાર્ષિક ધોરણે ૪૨% નો વધારો થયો છે. સ્ટેન્ડઅલોન નફો ૩,૭૩૭.૨૭ કરોડ, જે ગયા વર્ષના સમાન ગાળા કરતા ૫૩.૩% વધુ છે. રેવન્યુ ૩૯,૫૫૪.૧૩ કરોડ, જે આશરે ૨૬% નો વધારો સૂચવે છે.

■ આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (AADHAR HOUSING FINANCE) એ ૫ મે, ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ (FY૨૬) અને ચોથા ત્રિમાસિક (Q૪) ના મજબૂત પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ કુલ ચોખ્ખો નફો ૧,૦૯૫.૮૮ કરોડ, જે ગયા વર્ષના ૯૧૧.૮૩ કરોડ કરતા ૨૦.૧૮% નો વધારો દર્શાવે છે. કુલ આવકઃ ૩,૬૮૬.૮૮ કરોડ, જે વાર્ષિક ધોરણે ૧૮.૫૯% ની વૃદ્ધિ સૂચવે છે. AUM ૩૦,૫૭૧ કરોડ પર પહોંચ્યું છે, જે ગયા વર્ષ કરતા ૨૦% વધુ છે. કુલ ધિરાણ આખા વર્ષ દરમિયાન કંપનીએ ૯,૫૫૬ કરોડની લોન આપી છે (૧૭% વૃદ્ધિ). ત્રિમાસિક ના આંકડા ચોખ્ખો નફો ૩૧૧ કરોડ, જે ગયા વર્ષના સમાન ગાળા (૨૪૫ કરોડ) કરતા ૨૭% નો વધારો છે. રેકોર્ડ ધિરાણ આ ક્વાર્ટરમાં ૩,૦૮૭ કરોડની લોન આપી છે, જે કંપનીના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ ત્રિમાસિક ધિરાણ છે.

■ યુનાઈટેડ બ્રુઅરીઝ લિમિટેડ (UBL) એ ૫ મે, ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ (FY૨૬) અને ચોથા ત્રિમાસિક (Q૪) ના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-- ૨૬ કુલ ચોખ્ખો નફો ૪૧૩.૩૯ કરોડ, જે ગયા વર્ષના ૪૪૨.૪૧ કરોડ કરતા આશરે ૬.૫% ઓછો છે. કુલ આવક ૧૭,૫૦૮.૬૬ કરોડ. ગ્રોસ પ્રોફિટ માર્જિન સુધરીને ૪૩.૯% પર પહોંચ્યું છે. ચોખ્ખો નફો ૧૦૧.૮૭ કરોડ, જે ગયા વર્ષના સમાન ગાળા કરતા ૪.૨% નો વધારો સૂચવે છે. આવક ૪,૪૦૮.૪૧ કરોડ. કુલ વેચાણમાં ૪.૧% નો વધારો થયો છે, જ્યારે પ્રીમિયમ પોર્ટફોલિયોમાં ૧૬% ની વૃદ્ધિ જોવા મળી છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**